અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૯ ડિસેમ્બર ૨૦૨૩, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર સુદ સાતમ

વર્ષ : ૧૫
અંક : ૧૩૯

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### કોરોના વાયરસે ફરી એક વખત ચિંતા વધારી

# દેશમાં કોરોનાના ૩૩૫ નવા કેસ, પાંચ જણાનાં મોત થયા

## કેરળમાં ચાર અને એકનું ઉત્તર પ્રદેશમાં મોત થયું, ચિંતાની કોઈ વાત ન હોવાનો કેરળનાં મંત્રીનો દાવો : દેશભરમાં મહામારીને લઈને તકેદારી

। નવી દિલ્હી, તા.૧૮ ।

વિશ્વમાં હાહાકાર મચાવનાર કોરોનાના વાયરસના કેસ સામે આવતા ભારતમાં ફરી એકવાર ચિંતા વધારી છે. કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરાયેલા આંકડા અનુસાર ગઈકાલે કોવિડના ૩૩૫ નવા કેસો નોંધાયા હતા અને દેશમાં કુલ પાંચ લોકોના મોત થયા છે જેમાં કેરળમાં ચાર અને એક ઉત્તર પ્રદેશમાં થઈ છે ત્યારે કેરળના મંત્રીએ કહ્યું હતું કે ચિંતાની વાત નથી પણ સતર્ક રહેવું જરુરી છે. કોરોના વાયરસે એક મહામારી બનીને વિશ્વની આરોગ્ય સિસ્ટમ અને અર્થતંત્રને તોડી નાખ્યું હતું ત્યારે હવે ભારતમાં કોરોના વાયરસના ૩૩૫ નવા કેસ સામે આવતા ફરી એકવાર ચિંતા વધારી દીધી છે. સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરાયેલા આંકડા મુજબ કોરોના સંક્રમણથી દેશમાં કુલ પાંચ લોકોએ જીવ ગુમાવ્યો છે. અને નવા ૩૩૫ કેસ બાદ કોરોનાના દર્દીઓની સંખ્યા વધીને ૧,૭૦૧ થઈ ગઈ છે. આ માહિતી મુજબ કોરોના વાયરસથી સાજા થનાર લોકોની સંખ્યા વધીને ૪,૪૪,૬૯,૭૭૯ થઈ ગઈ છે અને રિકવરી રેટ ૯૮.૮૧ ટકા છે. કોરોના સંક્રમણથી મૃત્યુદર ૧.૧૯ ટકા છે જ્યારે રિકવરી રેટ ૯૮.૮૧ ટકા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના એક અધિકારીના જણાવ્યા અનુસાર કેરળમાં કોરોનાના સબ વેરિયન્ટ જેએન.૧નો એક કેસ સામે આવ્યો હતો જેમાં ૭૯ વર્ષની એક મહિલામાં વાયરસ જોવા મળ્યો હતો. આઈસીએમઆરના મહાનિર્દેશક ડો. રાજીવ બહલે કહ્યું હતું કે આ કેસ ૮ ડિસેમ્બરે તિરુવનંતપુરમ જિલ્લામાં કારાકુલમમાં જોવા મળ્યો હતો. આ મહિલા ઈન્ફલુએન્ઝા જેવી બીમારી (આઈએલઆઈ)ના હળવા લક્ષણો હતા.



### કર્ણાટકમાં વૃદ્ધો-દર્દીઓને માસ્ક પહેરવા માટે સલાહ

દેશમાં કોરોનાના વધતા કેસને ધ્યાનમાં લેતા સરકાર દ્વારા કોવિડ-૧૯નો નવો વેરિયન્ટ જેએન-૧ બાબતે એલર્ટ કરવામાં આવ્યું છે. સ્વાસ્થ્ય અને પરિવહન કલ્યાણ મંત્રી દિનેશ ગુંડુ રાવે ૧૮ ડિસેમ્બરે એક નવી ગાઈડલાઈન જાહેર કરી છે. જેમાં તેમણે વૃદ્ધો-દર્દીઓને માસ્ક પહેરવાની સલાહ આપી છે. તેમજ તેમણે હોસ્પિટલોને એલર્ટ રહેવા કહ્યું છે તેમજ સ્વાસ્થ્ય વિભાગને સ્થિતિ પર નજર રાખવા કહ્યું છે. ગાઈડલાઈનમાં વૃદ્ધોને ખાસ સતર્ક રહેવા કહ્યું છે. તેમજ એક બેઠકમાં શું પગલાઓ લેવા જોઈએ તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. તેમજ ગાઈડલાઈનમાં જણાવવામાં આવ્યું હતું કે જેમની ઉંમર ૬૦ વર્ષથી વધુ છે તેમજ જેમને હૃદય રોગની સમસ્યા છે કે અન્ય કોઈ ગંભીર બીમારી છે તો તેમને માસ્ક પહેરવું ફરજીયાત છે. આ ઉપરાંત હોસ્પિટલોને પણ એલર્ટ રહેવા કહેવામાં આવ્યું છે. તેમજ કેરલ સાથે જે રાજ્યો સીમા ધરાવે છે તેમને પણ ખાસ સતર્ક રહેવાનું કહેવામાં આવ્યું છે. ખાસ કરીને મેંગલોર, ચમનજનગર અને કોડાગુને પણ એલર્ટ રહેવા કહેવામાં આવ્યું છે.તેમના દ્વારા જણાવવામાં આવ્યું કે સંક્રમણને કાબૂમાં લેવા ફરી એકવાર સામૂહિક ટેસ્ટ શરૂ કરવામાં આવશે. તેમજ જેમને શ્વાસની તકલીફ છે તેમણે ફરજિયાત ટેસ્ટ કરાવવો પડશે. હાલના સ્વાસ્થ્ય મંત્રાલયના ડેટા અનુસાર સમગ્ર દેશમાં ૧૮૦૦થી વધુ કોવિડ કેસમાં ૧૬૦૦થી વધુ કેસ કેરળમાંથી સામે આવ્યા છે. કેરળમાં કોવિડના કારણે ૪ લોકોનું મૃત્યુ થતા કર્નાટકે સાવચેતી રાખવાનું શરુ કરી દઈશું છે. કેરળમાં કોવિડ-૧૯નો નવો વેરિયન્ટ જેએન-૧ વિષે જાણકારી મળી છે.

## ન્યૂઝ બ્રિફ

### સંસદની સુરક્ષા ક્ષતિ પર ઉચ્ચસ્તરીય તપાસ : બિરલા

। નવી દિલ્હી, તા.૧૮ ।

સંસદની સુરક્ષા ક્ષતિ પર આજે લોકસભા સ્પીકર ઓમ બિરલાનું નિવેદન આવ્યું છે. ઓમ બિરલાએ કહ્યું કે અમે આ ઘટના પર ખૂબ જ કડક કાર્યવાહી કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કે આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસ કરવામાં આવી રહી છે. લોકસભા અધ્યક્ષે એમ પણ કહ્યું કે તેઓ દરેક સાંસદની સુરક્ષાને લઈને ચિંતિત છે અને તેમજ આ ઘટના અંગે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. આજે સંસદની કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષી સાંસદોએ સંસદની સુરક્ષામાં ક્ષતિઓને લઈને હોબાળો મચાવ્યો હતો.

### રુવેન અઝર ભારતમાં ઈઝરાયેલના નવા રાજદૂત

। નવી દિલ્હી, તા.૧૮ ।

ભારતમાં ઈઝરાયેલના નવા રાજદૂત રુવેન અઝર હશે. ઈઝરાયેલ સરકારે ગઈકાલે એક મોટો નિર્ણય લેતા આ નિમણૂકને મંજૂરી આપી હતી. અઝર ભારત ઉપરાંત શ્રીલંકા અને ભૂટાનમાં બિન- નિવાસી રાજદૂત તરીકે પણ સેવા આપશે. ઈઝરાયેલ દ્વારા રુવેન અઝરને ભારતમાં નવા રાજદૂત તરીકે નિમણૂકને મંજૂરી આપી છે ત્યારે ઈઝરાયેલના વિદેશમંત્રી એલી કોહેને રુવેન અઝરને અભિનંદન આપતા કહ્યું હતું કે તેઓ ઈઝરાયેલ અને તેના નાગરિકોનું પ્રતિનિધિત્વ કરશે.

### સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે શેરબજાર નબળાઈ સાથે બંધ

# સેન્સેક્સમાં ૧૬૯, નિફ્ટીમાં ૩૮ પોઈન્ટનો કડાકો નોંધાયો

## બજાજ ઓટો, હિન્દાલ્કો, અદાણી પોર્ટ, સન ફાર્મા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, બજાજ ફાઈનાન્સ શેરોમાં વધારો

। મુંબઈ, તા.૧૮ ।

શેરબજારનો કારોબાર સોમવારે નબળી નોંધ પર સમાપ્ત થયો. નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૩૮ પોઈન્ટ ઘટીને ૨૧૪૧૮ ના સ્તર પર બંધ થયો છે. બજાજ ઓટો, હિન્દાલ્કો, અદાણી પોર્ટ, સન ફાર્મા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, બજાજ ફાઈનાન્સ, આઈશર મોટર, એશિયન પેઈન્ટ્સ, ટાઈટન, ડિવીઝ લેબના શેરોમાં નિફ્ટીમાં વધારો જોવા મળ્યો હતો. સોમવારે બીએસઈ૧૬૮.૬૬ અંકોની નબળાઈ સાથે ૭૧૩૧૫ ના સ્તર પર બંધ થયો હતો. મુંબઈ સ્ટોક એક્સચેન્જમાં સન ફાર્મા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, એચસીએલ ટેક અને એચયુએલના શેરો વધતા શેરોમાં સામેલ હતા. સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે સોમવારે શેરબજાર નબળાઈ સાથે સમાપ્ત થયું. દિવસના કારોબારમાં, બીએસઈસેન્સેક્સ ૧૦૦ પોઈન્ટથી વધુની નબળાઈ સાથે ૭૧૩૩૮ ના સ્તર પર કામ કરી રહ્યો હતો, જ્યારે નિફ્ટી લગભગ ૩૮ પોઈન્ટના ઘટાડા સાથે ૨૧૪૨૫ ના સ્તર પર કામ કરી રહ્યો હતો. સોમવારે શેરબજારના સૂચકાંકોની વાત કરીએ તો, નિફ્ટી મિડકેપ ૧૦૦ ૦.૨૦ ટકાનો વધારો નોંધાવી રહ્યો હતો જ્યારે બીએસઈ સ્મોલ કેપમાં ૦.૫૧ ટકાનો વધારો નોંધાયો હતો. નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં નબળાઈ નોંધાઈ રહી છે. શેરબજારના ટોપ ગેઈનર્સમાં બજાજ ઓટો, હિન્દાલ્કો, અદાણી પોર્ટ્સ અને સન ફાર્માના શેરનો સમાવેશ થાય છે, જ્યારે ટોપ લોઝર્સમાં પાવર ગ્રીડ, જેએસ ડબલ્યૂસ્ટીલ, આઈસી આઈસીઆઈબેંક અને આઈટીસીના શેરનો સમાવેશ થાય છે.

#### અંબુજા સિમેન્ટ, એસીસી અને અદાણી પોર્ટ્સના શેરમાં વધારો નોંધાયો

સોમવારે મલ્ટિબેગર રિટર્ન આપનારી કંપનીઓ વિશે વાત કરીએ તો, ઓમ ઇન્ફ્રા, એક્સાઇડ ઇન્ડસ્ટ્રીઝ, કામધેનુ લિમિટેડ, પટેલ એન્જિનિયરિંગ, બ્રાન્ડ કોન્સેપ્ટ, સ્ટોવ ક્રાફ્ટ અને જિયો ફાઇનાન્શિયલના શેરમાં વધારો થયો હતો જ્યારે ટાટા મોટર્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, યુનિપાર્ટ્સ લિમિટેડ અને દેવયાની ઇન્ટરનેશનલના શેરમાં ઘટાડો નોંધાયો હતો. શેરમાં નબળાઈ નોંધાઈ રહી હતી. સોમવારે, ગૌતમ અદાણી જૂથની નવ લિસ્ટેડ કંપનીઓમાંથી છના શેર લાલ નિશાનમાં ટ્રેડ થઈ રહ્યા હતા.




### સંસદની સુરક્ષામાં ચૂકના મામલે રાજકારણ જારી

# કોંગી નેતા અધિરરંજન સહિત 33 સાંસદ સત્ર માટે સસ્પેન્ડ

## અત્યાર સુધીમાં કુલ ૪૭ સાંસદોને સસ્પેન્ડ, વિપક્ષો ગૃહમંત્રી અમિત શાહના રાજીનામાની માંગ કરી રહ્યા હતા

। નવી દિલ્હી, તા.૧૮ ।

હાલ સંસદનું શિયાળું સત્ર ચાલી રહ્યું છે, જોકે સંસદમાં તાજેતરમાં જ સુરક્ષામાં થયેલી ચૂક મામલે આજે ફરી હોબાળો મચ્યો છે. આ મામલે વિપક્ષો સતત પોતાની માંગને વળગી રહેતા લોકસભા અને રાજ્યસભામાં ભારે હોબાળો મચ્યો છે, જેના કારણે લોકસભા અધ્યક્ષ ઓમ બીરલાએ કોંગ્રેસ નેતા અંધીર રંજન ચૌધરી સહિત ૩૩ સાંસદોને લોકસભાના આખા સત્રમાંથી સસ્પેન્ડ કરી દીધા છે.

અધીર રંજન ચૌધરી ઉપરાંત કે.સુરેશ, તૃણમૂલ કોંગ્રેસના કલ્યાણ બેનર્જી, સૌગત રોય, પ્રતિમા મંડલ, ડીએમકેના એ.રાજા અને આરએસપીના એન.કે.પ્રેમચંદ્રન સહિત ઘણા સભ્યોને ગૃહની બાકીના સત્ર માટે સસ્પેન્ડ કરાયા છે. આ સાથે જ લોકસભાની કાર્યવાહી પણ આવતીકાલ સુધી સ્થગિત કરી દેવાઈ છે. આજે લોકસભામાં કાર્યવાહી શરૂ થયા બાદ વિપક્ષે ફરી સરકારને ઘેરવાના પ્રયાસો શરૂ કરી દીધા હતા. વિપક્ષો ૧૩ ડિસેમ્બરે સંસદની સુરક્ષામાં થયેલી ચુક મામલે સતત વિરોધ કરી રહ્યા છે. આજે પણ આ મામલે વિપક્ષોએ ગૃહમંત્રી અમિત શાહના રાજીનામાની માંગ કરી રહ્યા હતા અને લોકસભા અને રાજ્યસભામાં ભારે હોબાળો મચાવ્યો હતો, જેના કારણે લોકસભા અધ્યક્ષે આજે ૩૩ સાંસદોને સસ્પેન્ડ કરી દીધા છે.

### માત્ર ઓળખ માટે જ કરી શકાશે ઉપયોગ

# આધાર કાર્ડ હવે વ્યક્તિની ઓળખ પૂરતું મર્યાદિત થઈ જશે

## ૨૦૦૯ થી બનાવવામાં આવેલું આધાર કાર્ડ હવે ઓળખ માટે એક દસ્તાવેજ બનીને રહી જશે, UIDAIના નવા સુધારા બાદ આધાર કાર્ડ હવે જન્મ તારીખ માટે માન્ય રહેશે નહીં

। અમદાવાદ, તા.૧૮ ।

દેશભરમાં ઓળખ માટે ઉપયોગમાં લેવાતું આધાર કાર્ડ હવે વ્યક્તિની ઓળખ પૂરતો મર્યાદિત થઈ જશે. UIDAI ના નવા સુધારા બાદ, આધાર કાર્ડ હવે જન્મ તારીખ માટે માન્ય રહેશે નહીં. જો તમે ક્યાંય પણ કોઈપણ કામ માટે આધાર કાર્ડનો ઉપયોગ કરી રહ્યા છો, તો તમારે આધાર કાર્ડની સાથે જન્મતારીખ માટે તમારું જન્મ પ્રમાણપત્ર પણ રજૂ કરવું પડશે. આ ફેરફાર હાલમાં જ આધાર કાર્ડની સંસ્થા UIDAI દ્વારા કરવામાં આવ્યો છે. આ સાથે જ નવું આધાર કાર્ડ ડાઉનલોડ કરવા અને આધાર કાર્ડમાં સુધારા બાદ આ માહિતી પણ લેખિતમાં આપવામાં આવી રહી છે. આધાર કાર્ડમાં છેતરપિંડી રોકવા માટે UIDAI દ્વારા આ ફેરફાર કરવામાં આવ્યો છે. આધાર કાર્ડમાં આ ફેરફાર તારીખ, મહિનો અને વર્ષ બદલીને જન્મતારીખમાં વારંવાર ફેરફાર કરીને છેતરપિંડી રોકવા માટે કરવામાં આવ્યો છે. આ ફેરફાર બાદ હવે આધાર કાર્ડનો ઉપયોગ માત્ર શાળા, કોલેજમાં એડમિશન માટે કે પાસપોર્ટ મેળવવા કે અન્ય કોઈ કામ માટે જ ઓળખાણ માટે થશે. જન્મતારીખની ચકાસણી માટે આધાર કાર્ડ સાથે જન્મ પ્રમાણપત્ર જોડવું ફરજિયાત બન્યું છે. જણાવી દઈએ કે, આધાર કાર્ડમાં જન્મતારીખ અને નામમાં વારંવાર ફેરફાર કરીને લોકો પેન્શન સ્કીમ, રમતગમત, સ્પર્ધા, પ્રવેશ વગેરે સહિતની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે આ પ્રકારની છેતરપિંડી કરતા હતા. જેને રોકવા માટે આ નવી પહેલ કરવામાં આવી છે.



### કોંગ્રેસે ડોનેટ ફોર દેશ ક્રાઉડ ફંડિંગ શરૂ કર્યું

। નવી દિલ્હી, તા.૧૮ ।

કોંગ્રેસ પાર્ટીએ આજે ક્રાઉડફન્ડિંગ અભિયાન ડોનેટ ફોર દેશ' શરૂ કર્યું છે. આ અભિયાન કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ દ્વારા શરુ કરવામાં આવ્યું હતું. દેશની સૌથી જૂની પાર્ટી કોંગ્રેસને ચૂંટણી લડવા માટે પૈસાની જરૂર પડી છે. એટલા માટે જ પાર્ટીએ હવે દેશની પ્રજાની મદદ માગી છે. કોંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલે શનિવારે દિલ્હીમાં પાર્ટીના હેડક્વાર્ટર પર પ્રેસ કોન્ફરન્સને સંબોધતા 'ડોનેટ ફોર દેશ' અભિયાન ચલાવવાની જાણકારી આપી હતી ત્યારે હવે આજે આ અભિયાન કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ દ્વારા શરુ કરવામાં આવ્યુ છે. આ પહેલા કોંગ્રેસના મહાસચિવ કે.સી.વેણુગોપાલે શનિવારે આ અભિયાન વિશે પ્રેસ કોન્ફરન્સ કરીને જાણકારી આપી હતી.



### નેશનલ હાઇવે પર એરપોર્ટ નજીક બસોને અપાયું સ્ટોપેજ

# રાજકોટના હિરાસર એરપોર્ટ પર પહોંચવું બનશે વધુ સરળ

### આ નિર્ણય અંતર્ગત હવે રાજકોટ આવતી-જતી આશરે ૪૨૫ કરતા વધુ બસો હિરાસર એરપોર્ટ પર સ્ટેન્ડ કરશે



। રાજકોટ, તા.૧૮ ।

રાજકોટના હિરાસર એરપોર્ટ પર પહોંચવું હવે વધુ સરળ બનશે. રાજકોટ એસ.ટી વિભાગે મુસાફરોના હિતમાં એક મહત્વનો નિર્ણય કર્યો છે. જેના ભાગરૂપે હવે રાજકોટથી અમદાવાદ જતી અને રાજકોટ આવતી તમામ બસોને નેશનલ હાઈવે પર એરપોર્ટ નજીક સ્ટોપેજ આપવામાં આવ્યું છે.

આ નિર્ણય અંતર્ગત હવે રાજકોટ આવતી-જતી આશરે ૪૨૫ કરતા વધુ બસો હિરાસર એરપોર્ટ પર સ્ટેન્ડ કરશે. જેના કારણે એરપોર્ટ જવા ઈચ્છતા મુસાફરો સરળતાથી પહોંચી શકશે. આ નિર્ણય અંતર્ગત વોલ્વો અને સ્લિપર સહિત તમામ બસો સ્ટેન્ડ કરશે. ST વિભાગના અધિકારીઓનો દાવો છે કે આ નિર્ણયથી હજારો મુસાફરોને લાભ થશે. જો કે, એસ.ટી દ્વારા હિરાસર એરપોર્ટ નજીક ઉતર્યા બાદ એરપોર્ટ ટર્મિનલ સુધી પહોંચવા માટે મુસાફરોએ ૮ કિમીનું અંતર કાપવું પડશે એટલે કે આ ૮ કિમી અંતર કાપવા માટે મુસાફરોને વધુ એક વાહનનો સહારો લેવો પડશે. જેના માટે અત્યાર સુધી કોઈ વ્યવસ્થા ન કરવામાં આવી હોવાથી મુસાફરોને ૮ કિમી અંતરના વધારાનો ખર્ચ વેઠવો પડશે.

### ૨૨ થી ૨૪ની વચ્ચે કમોસમી વરસાદની શક્યતા

# ગુજરાતભરમાં ફરી એકવાર માવઠાનું સંકટ તોળાઇ રહ્યું છે

### મહિનાના અંતમાં અરબ સાગર અને બંગાળના ઉપસાગરમાં જોરદાર હલચલ જોવા મળશે અને આની અસર ગુજરાત પર પડશે

। અમદાવાદ, તા.૧૮ ।

ગુજરાતમાં ફરી એકવાર માવઠાનું સંકટ તોળાઈ રહ્યું છે. હવામાન એક્સપર્ટ અને આગાહીકાર અંબાલાલ પટેલે ગુજરાતમાં ફરી એકવાર શિયાળામાં માવઠું થવાની આગાહી કરી છે, અંબાલાલે આગાહી કરતાં જણાવ્યુ છે કે, ડિસેમ્બર મહિનામાં ૨૨ થી ૨૪ની વચ્ચે જોરદાર કમોસમી વરસાદ થવાની પુરેપુરી શક્યતા છે, અને જાન્યુઆરી મહિનો એકદમ ઠંડો રહેવાની વાત કરી છે. આગાહીકાર અંબાલાલ પટેલે આગાહી કરતાં જણાવ્યુ છે કે, ગુજરાતમાં ફરી એકવાર ડિસેમ્બર મહિનામાં માવઠુ થશે. તેમને જણાવ્યુ કે, ડિસેમ્બર મહિનાના અંતમાં અરબ સાગર અને બંગાળના ઉપસાગરમાં જોરદાર હલચલ જોવા મળશે, અને આની અસર ગુજરાત પર પડશે. આ હલચલ લૉ પ્રેશરથી ડીપ ડિપ્રેશન સુધી જવાની પુરેપુરી સંભાવના છે, આ તમામ પ્રક્રિયાના કારણે આગામી ૨૨ થી ૨૪ ડિસેમ્બર દરમિયાન ગુજરાતના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદની શક્યતા છે. આની સાથે સાથે ૨૭ થી ૨૯ તારીખમાં દક્ષિણ ભારતમાં હવામાનમાં પલટો આવશે અને વરસાદ પડશે. આ તમામ ઘટના પાછળ ડિસેમ્બર મહિનાના અંતમાં અરબ સાગર અને બંગાળના ઉપસાગરમાં હલચલ થવાને લઈને ઘટશે. આ ઉપરાંત આ હલચલ લૉ પ્રેશરથી ડીપ ડિપ્રેશન સુધી જવાની સંભાવના છે. જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવશે. સાથે સાથે જાન્યુઆરી ૮ થી ૧૦ની વચ્ચે દક્ષિણ ભારતથી લઈ મહારાષ્ટ્ર સુધી વાતાવરણમાં પલટો આવશે.





શાહીબાગ નગરવાલા પોલીસ સ્ટેડિયમમાં ગૃહમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં પોલીસ દિક્ષાંત સમારોહ યોજાયો હતો.

# જિંદગી મરણ વચ્ચે ઝોલા ખાતા ગુજરાતી યુવકનું અમેરિકામાં મોત

। ખેડા, તા.૧૮ ।

અમેરિકામાં ગુજરાતીને ટાર્ગેટ બનાવવાના સમાચાર અવારનવાર પ્રકાશિત થતા હોય છે. ત્યારે થોડા દિવસ પહેલા અમેરિકામાં ગુજરાતી યુવાન પર ફાયરિંગની ઘટના બની હતી. નડિયાદના ઉજાસ મેનગર નામના યુવાન પર લૂંટના ઈરાદે હુમલો કરાયો હતો. ખેડાના યુવક પર ગોળીબાર થતા તે ગંભીર રીતે ઘાયલ થયો હતો, ત્યારબાદ યુવકને અમેરિકાની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. પરંતુ ૪૬ દિવસ સુધી જિંદગી મોત વચ્ચે ઝોલા ખાતા યુવકનું મોત થયું છે. જેને લઈ પરિવારજનો શોકમગ્ન થઈ ગયા હતા. અમેરિકાની ધરતી પર ભારતીયોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યાં છે. ત્યારે અમેરિકાના નોર્થ કોરોલિના સ્ટેટમાં ૪૬ દિવસ પહેલા નડિયાદના ઉજાસ મેનગર નામના યુવક ઉપર અમેરિકાના નોર્થ કોરોલીના સ્ટેટમાં હુમલો થયો હતો. લૂંટના ઈરાદે અજાણ્યા વ્યક્તિએ ગ્રીન બોરો સિટીમાં રહેતા ઉજાસ ઉપર ગોળીબાર કર્યો હતો. ઉજાસ પોતાના ઘરની પાસે જ કારમાંથી બહાર નીકળ્યો તે જ વખતે તેના પર હુમલો કરવામાં આવ્યો હતો. ગ્રીન બોરો સિટીમાં ઉજાસના ઘરની બહાર જ અજાણ્યા વ્યક્તિએ લૂંટના ઈરાદે ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ હુમલામાં ઉજાસના પેટના ભાગે ગોળી વાગતા હોસ્પિટલ સારવાર માટે ખસેડાયો હતો. લૂંટારાએ કરેલા હુમલા બાદ ઉજાસને લોહીલૂહાણ હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

# ભુજમાં પોલીસ કર્મચારીના પુત્રનું ચાલું પરીક્ષાએ મૃત્યુ

। કચ્છ, તા.૧૮ ।

કોરોના મહામારી બાદ દેશ અને રાજ્યમાં યુવાન વયે હાર્ટ એટેકથી અચાનક થતાં મૃત્યુની ઘટનાઓ છેલ્લાં થોડાંક સમયથી આમજનતામાં ચિંતા અને ચર્ચાનો વિષય બની છે. આ માહોલ વચ્ચે કાલે ભુજમાં પોલીસ કર્મચારીના ૧૬ વર્ષના પુત્રનું ચાલું પરીક્ષાએ અચાનક મૃત્યુ નીપજતાં અરેરાટી છવાઈ ગઈ છે. ભુજમાં ચાલું પરીક્ષાએ ધોરણ ૧૦માં ભણતો ૧૬ વર્ષનો પોલીસ પુત્ર બેન્ચ પર ઢળી પડ્યો હતો. ચાલુ પરીક્ષા એ હાર્ટ એટેક આવતા કિશોરનું મોત નિપજ્યું હતું. ચાલું પરીક્ષાએ યુવકનું અચાનક મૃત્યુ નીપજતાં અરેરાટી છવાઈ ગઈ હતી. આ ઘટનામાં માહિતી મળી છે કે ભુજ પોલીસ હેડક્વાર્ટરમાં તૈનાત ASI ધર્મેન્દ્રસિંહ જીતુભા ઝાલાનો પુત્ર દક્ષરાજનું હાર્ટ એટેકથી મોત થયું છે. ભુજની ભાગોળે મુંદરા રોડ પર સેડાતા પાસે આવેલી સૂર્યા વરસાણી સ્કુલમાં ધોરણ ૧૦માં ભણતો હતો. પુત્રના આકસ્મિક મૃત્યુના પગલે પોલીસ પરિવાર ઘેરાં આઘાતમાં સરી પડ્યો છે.

# NRI પતિએ પત્નીને ત્રાસ આપીને ભારત પરત મોકલી

### યુવતીએ તેના પતિ, નણંદ, નણદોઈ અને સાસુ-સસરા વિરુદ્ધ લંડનમાં તેને ત્રાસ આપવા બદલ ફરિયાદ નોંધાવી

। અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદની એક યુવતી લવ મેરેજ કરીને યુકે ગયા બાદ ત્યાંથી NRI પતિએ તેને ભારત પાછી ધકેલી દીધી હોવાની ફરિયાદ કરવામાં આવી છે.

પતિના આવા વર્તનના કારણે યુવતીએ તેના પતિ, નણંદ, નણદોઈ અને સાસુ-સસરા વિરુદ્ધ અમદાવાદના મહિલા પોલીસ સ્ટેશનમાં આ વિશે ફરિયાદ નોંધાવી છે. યુવતીનું કહેવું છે કે વિદેશમાં તેને ત્રાસ આપવામાં કોઈ કસર છોડવામાં આવી ન હતી. તેને માંડ એક સમય જમવાનું મળતું હતું, ખર્ચના મામલે સતત ટકોર કરવામાં આવતી હતી અને રોજેરોજ નહાવાની પણ મનાઈ હતી.

આ કેસની વિગત પ્રમાણે યુવતીએ તેની સાથે કોલેજમાં ભણતા એક યુવક સાથે પ્રેમસંબંધ થવાથી લગ્ન કર્યા હતા. મેરેજ કરીને તે પતિ સાથે રહેવા લંડન ગઈ હતી, જ્યાં તેના નણંદ અને નણદોઈ તેની સાથે બહુ ખરાબ વ્યવહાર કરતા હતા. યુવતીની ફરિયાદ મુજબ નણદોઈ તો શોભે નહીં તેવો વ્યવહાર પણ કરતો હતો. આટલું ઓછું હોય તેમ



પતિએ કહ્યું કે આપણે સાદાઈથી લગ્ન કર્યા છે તેથી હવે ભારત જઈને સામાજિક રીતે લગ્ન કરવા પડશે. આમ કહીને તેણે યુવતીને ભારત મોકલી દીધી અને હવે છુટાછેડાની માંગણી કરે છે.

પોલીસ ફરિયાદમાં જણાવાયા પ્રમાણે આ યુવતી ઈન્કમટેક્સ એરિયામાં રહે છે અને એક હોસ્પિટલમાં જોબ કરે છે. કોલેજ દરમિયાન તે નિકોલના એક યુવક સાથે સંપર્કમાં આવી હતી અને ૨૦૨૩માં બંને મેરેજ કર્યા હતા. આ યુવક લંડનનો હોવાથી યુવતી પણ યુકે ગઈ હતી જ્યાં તેઓ નણંદ - નણદોયા સાથે રહેવા લાગ્યા હતા.

યુવતીનું કહેવું છે કે તેની નણંદે તેના પર ત્રાસ ગુજારવામાં કંઈ બાકી રાખ્યું ન હતી. યુવતીને રાતે વધેલું જ ખાવા મળતું અને સપ્તાહમાં એક જ વખત નહાવાની છૂટ અપાતી હતી. યુવતી કોઈ વિરોધ કરે તો તેને ભારત પરત મોકલી દેવાની ધમકી અપાતી હતી. આ ઉપરાંત સાસુ -સસરાનો પણ ત્રાસ હતો. તેઓ આ યુવતીને સતત ખર્ચ ઓછો કરવા જણાવતા હતા.

આ દરમિયાન યુવતી અને તેના પતિ વચ્ચે તણાવ વધતો જતો હતો. પતિએ આ યુવતીથી છુટકારો મેળવવા માટે કહ્યું કે આપણે સાદાઈથી લગ્ન કર્યા છે જેથી હવે ફરીથી સામાજિક રીતે લગ્ન કરવા પડશે. આમ કહીને યુવતીને ભારત મોકલી દીધી અને ત્યાર પછી ફોન પર જ છુટાછેડા આપવાની વાત કરી હતી. અંતે યુવતીના પતિએ તેની સાથે ફોન પર વાત કરવાનું પણ બંધ કરી દીધું હતું. પ્રેમલગ્નમાં ઠોકર ખાધા બાદ યુવતીએ તેના સાસરિયા સામે ફરિયાદ નોંધાવી છે.

### સાંસદે લોકસભામાં કરી રજૂઆત

# અમદાવાદ-ઉદયપુર નેશનલ હાઈવે છ વર્ષે પણ અધૂરો છે



### અનેકવાર બ્રિજના કામ શરુ થવા છતાં પણ ફરીથી બંધ થઈ જવાને લઈ લોકો ભારે પરેશાન થઈ ચૂક્યા છે

। અમદાવાદ, તા.૧૮ ।

મુંબઈ દિલ્હી નેશનલ હાઈવે પર ચિલોડાથી શામળાજી સુધી પસાર થવુ જાણે કે પરેશાનીઓનો સામનો કરવા બદલ છે. ત્રણ વર્ષમાં જ નિર્માણ કાર્ય પૂર્ણ કરવાની વાતો વચ્ચે નેશનલ હાઈવેનુ કાર્ય ૬ વર્ષે પણ પૂર્ણ થઈ શક્યુ નથી. વર્ષ ૨૦૧૮માં શરુ થયેલ હાઈવેની કામગીરી સતત રુકાવટોથી ભરેલી રહી છે. જેને લઈ હવે આ મામલે સાંસદ દીપસિંહ રાઠોડે લોકસભામાં રજૂઆત કરી છે. જે કોન્ટ્રાક્ટ બાદ રોડનુ કામ ગોકળગાયની ગતિએ ચાલતા ડાયવર્ઝનોથી વાહનચાલકો પરેશાન થઈ ચૂક્યા છે. હાલમાં હવે અનેક ઓવરબ્રિઝના કામ પણ અધૂરા જ પડી રહ્યા છે. અનેકવાર કામ શરુ કરવા બાદ પણ મુખ્ય કોન્ટ્રાક્ટરની ખરાબ દાનતને લઈ વાહનચાલકો પરેશાન થઈ રહ્યાના આક્ષેપ થઈ રહ્યા છે.

હિંમતનગર શહેરમાંથી પસાર થતા નેશનલ હાઈવે પર સિક્સલાઈનના બે ઓવર બ્રિજ હાલમાં નિર્માણ થઈ રહ્યા છે. આ બંને ઓવરબ્રિજનુ કામ હાલમાં અધ્ધરતાલ છે. અત્યાર સુદી ડઝનેકવાર ઓવરબ્રિજનુ કામ શરુ કરીને બંધ કરી દેવામાં આવ્યુ છે. કોન્ટ્રાક્ટર દ્વારા નીચેના પેટાકોન્ટ્રાક્ટરો અને અન્ય કર્મચારીઓ અને મશીનરી સંચાલકોને પૈસા જ નહીં ચૂકવાતા હોવાની પણ ફરીયાદો ઉઠી હતી. જેના કારણે ઓવરબ્રિજના કામ અધૂરા જ રહેતા હોય છે અને મશીનરી સંચાલકો દ્વારા બંધ કરી દેવામાં આવે છે.

તો વળી ઓવરબ્રિજના કામને લઈ ડાયવર્ઝના તૂટેલા રોડથી સતત ડસ્ટ ઉડવાને લઈ શહેરમાં હાઈવે નજીકના વિસ્તારોમાં હવામાં ધૂળની સમસ્યા વર્તાઈ રહી છે. અનેકવાર લોકોએ ફરિયાદો કરવા છતાં હાઈવે ઓથોરિટી પણ કોઈ કાર્ય કરતી નથી. અગાઉ સ્થાનિક અગ્રણી નેતાએ હાઈવેની કામગીરીને ઝડપી બનાવવા માટે દિલ્હી રજૂઆત કરતા પેવર સહિતની કામગીરી ઝડપી બની શકી હતી. પરંતુ ફરી વાર હવે ઓવર બ્રિજના કામ લટકતા અગ્રણી સમક્ષ સ્થાનિકોએ રજૂઆત કરી છે.

ફરી એકવાર સાંસદ દીપસિંહ રાઠોડે સિક્સ લાઈનના અધૂરા કાર્યને લઈને રજૂઆત કરી છે. સાંસદ દીપસિંહે લોકસભા સત્ર દરમિયાન સંસદમાં રજૂઆત કરી હતી. કાર્ય ઝડપી બને અને નિર્માણકાર્ય જલદી સમાપ્ત થાય એ માટે રજૂઆત કરવામાં આવી હતી.

## વિશેષ

### એડવેન્ચર ટુર ઓપરેટરોની સભામાં પ્રવાસન મંત્રીનું પ્રેરક ઉદબોધન, મેગા નર્મદા રીવર ટ્રેલનું લોકાર્પણ

# ગુજરાત હવે વૈશ્વિક ફલક ઉપર લોકપ્રિય પ્રવાસન સ્થળ તરીકે ઉભર્યુ છે : મંત્રી મુળુભાઈ બેરા




એકતાનગર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં ગુજરાત પ્રવાસન નિગમ અને એડવેન્ચર ટૂર ઓપરેટ્સ એસોશિયેશન ઓફ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે ચાલી રહેલી ૧૫મી વાર્ષિક સભામાં પ્રવાસન, વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરા સહભાગી થયા હતા. અને ગુજરાતના પ્રવાસન ક્ષેત્રોની વિકાસગાથા દેશભરના ટુર ઓપરેટરો સમક્ષ પ્રસ્તુત કરી હતી.

રાજ્યના પ્રવાસન મંત્રીશ્રી મુળુભાઈ બેરાએ આ પ્રસંગે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાતના પ્રવાસનક્ષેત્રનો વિકાસ થયો છે, દેશ-દુનિયાના પર્યટકો ગુજરાતના પ્રવાસન સ્થળો તરફ આકર્ષાઈ રહ્યાં છે. દિવાળી વેકેશન દરમિયાન ૪૨ લાખ પર્યટકોએ ગુજરાતના વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત લીધી હતી. આજે ગુજરાત પ્રવાસન ક્ષેત્રે વિશ્વ પટલ પર પ્રસ્થાપિત થયુ છે. તમામ વયજૂથ માટે પર્યટન ક્ષેત્રે નવનીત પ્રકલ્પો વિકસાવવામાં આવ્યા છે. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યુ કે, સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ગુજરાતના અનેકવિધ પ્રવાસન સ્થળ અને સાંસ્કૃતિક વારસાને સન્માન મળ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં પણ પ્રવાસન સ્થળને વિકસાવી પ્રાથમિક સુવિધાઓ, આરોગ્યલક્ષી સુવિધાઓ તેમજ રોજગારની નવી તકોનું નિર્માણ કરવામાં સફળતા મળી છે. એડવેન્ચર ટુરિઝમ ક્ષેત્રે પણ ગુજરાત અગ્રેસર બન્યું છે. ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટમાં પણ ગુજરાતનું યોગદાન મહત્વનું રહ્યું છે. ગુજરાત પ્રવાસન સચિવ હારિત શુક્લાએ જણાવ્યું કે, ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રને વિકસાવવા માટે છેલ્લા એક જ તબક્કામાં રૂ. ૧૪ હજાર કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે. ગુજરાત સરકારના બજેટમાં પણ આ ક્ષેત્રના વિકાસ માટે ત્રણ ગણો વધારો કરવામાં આવ્યો છે.

પ્રવાસનને વધુ ગતિશીલ બનાવવા માટેના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોનું પરિણામ સ્ટેચ્યુ ઓફ યુનિટી છે. તેમણે એમ પણ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૦૯ ને પ્રવાસન વર્ષ તરીકે મનાવવામાં આવ્યું હતું. ત્યારે નાના મોટા તમામ પ્રવાસન ક્ષેત્રોમાં ભૌતિક સુવિધાઓ વધારવામાં આવી હતી. સામુહિક પ્રયાસોના કારણે ગુજરાતના તમામ નાના મોટા ધાર્મિક, પ્રાકૃતિક સ્થળોનો સારી રીતે વિકાસ થતા પ્રવાસીઓનો ધસારો વધ્યો છે. શ્રી શુક્લાએ એમ પણ ઉમેર્યુ કે, ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે રોકાણ માટે વિપુલ તકો રહેલી છે. આ ક્ષેત્રનો વિકાસ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાત સરકાર અગ્રતાના ધોરણે કરી રહી છે. ગુજરાતમાં પણ સાહસિક પ્રવાસન પ્રવૃતિ માટેના અનેક ડેસ્ટિનેશન છે. જેની જાણકારી તેમણે આપી હતી. એટોઆઈના પ્રમુખશ્રી અજીત બજાજે જણાવ્યું કે, આગામી થોડા વર્ષોમાં ભારત વિશ્વમાં ટોપ ટેન ટુરિસ્ટ ડેસ્ટિનેશનમાં સ્થાન પામશે. થોડા સમય પહેલા જી-૨૦ ની મિટિંગ અંતર્ગત કચ્છના ધોરડોમાં જવાનુ થયુ ત્યારે ત્યા થયેલા વિકાસ આશ્ચર્ય ચકિત કરી દેય એવો રહ્યો છે. દેશમાં અનેક રાજ્યો પાસે એડવેન્ચર ટુરિઝમ થઈ શકે તેવા સ્થળો છે. કેન્દ્ર સરકાર પણ આ દિશામાં કામ કરી રહી છે, તે સરાહનીય બાબત છે. આ વેળાએ મંત્રીશ્રી સહિતના મહાનુભાવોના હસ્તે મેગા નર્મદા રીવર ટ્રેલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. તેની સાથે પ્રવાસન લક્ષી પુસ્તિકાનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. આ તકે નાંદોદના ધારાસભ્ય શ્રીમતી ડો. દર્શનાબેન દેશમુખ, નર્મદા જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભીમસિંહ તડવી, એટોઆઈના ઉપપ્રમુખશ્રી વૈભવ કાલા, પ્રવાસન નિગમના એમડી ડો. સૌરભ પારધી, કેન્દ્ર સરકારના પ્રવાસન વિભાગના અધિકારીશ્રી અનિલ ઓરો અને શ્રી વેંકટેશ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા.

### સા. આફ્રિકા સામે પ્રથમ વન-ડેમાં ભારતનો વિજય

# સા. આફ્રિકા સામે ૨૦૦ બોલ બાકી રહેતા ભારતનો બીજો મોટો વિજય

## આ પહેલા ભારતીય ટીમને શ્રીલંકા સામે જીત મળી હતી

। ડરબન, તા.૧૮ ।

સાઉથ આફ્રિકાના પ્રવાસે ગયેલી ભારતીય ટીમે ટી૨૦આઈસિરીઝ ડ્રો કરાવ્યા બાદ વન-ડેસિરીઝની શાનદાર શરૂઆત કરી હતી. કે.એલ રાહુલના નેતૃત્વ હેઠળ ભારતીય ટીમે ગઈકાલે સાઉથ આફ્રિકાને તેના જ ઘરઆંગણે ૨૦૦ બોલ બાકી રહેતા હરાવ્યું હતું. ટોસ જીતીને એડન માર્કરમે પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ભારતીય ટીમે સાઉથ આફ્રિકાને ૨૭.૩ ઓવરમાં ૧૧૬ રનમાં ઓલઆઉટ કરી દીધું હતું. જવાબમાં ભારતે ૧૦૦ બોલમાં ૨ વિકેટ ગુમાવીને ટાર્ગેટ હાંસલ કરી લીધો હતો. સાઉથ આફ્રિકા સામે પ્રથમ વનડે મેચ જીતીને ભારતે વન-ડેસિરીઝમાં ૧-૦ની સરસાઈ મેળવી લીધી છે. આ મેચમાં ભારતની જીત સાથે કેટલાંક રેકોર્ડ પણ બન્યા હતા.



ગઈકાલે રમાયેલી મેચમાં ભારતીય ટીમની કપ્તાની કે.એલ રાહુલના હાથોમાં હતી. કે.એલ રાહુલના નેતૃત્વ હેઠળ આ ભારતની સતત દસમી જીત હતી. આ ઉપરાંત ગઈકાલે રમાયેલી મેચમાં સાઉથ આફ્રિકાની ટીમ પિંક જર્સીમાં ઉતરી હતી અને પિંક વનડે મેચમાં જીત નોંધાવનાર કે.એલ રાહુલ ભારતનો પહેલો કેપ્ટન બની ગયો છે. ભારતીય ટીમે આ મેચમાં ચોથી સૌથી મોટી જીત હાંસલ કરી છે. ભારતીય ટીમે જોહાનિસબર્ગમાં સાઉથ આફ્રિકાને ૨૦૦ બોલ બાકી રહેતાં હરાવ્યું હતું, જે બોલ બાકી રહેવાની દ્રષ્ટિએ ચોથી સૌથી મોટી જીત છે. આ પહેલા ભારતીય ટીમની સૌથી મોટી જીત આ જ વર્ષમાં કોલંબોમાં શ્રીલંકા સામે મળી હતી, જ્યારે ભારતે ૨૬૩ બોલ બાકી રહેતા મેચ જીતી હતી. સાઉથ આફ્રિકાની ભારત સામે સૌથી મોટી હાર થઈ હતી. સાઉથ આફ્રિકાને વનડે ઈતિહાસમાં વર્ષ ૨૦૦૮માં ઈંગ્લેન્ડ સામે સૌથી વધુ બોલ બાકી રહેતા હારની સામનો કરવો પડ્યો હતો. તે મેચમાં ઈંગ્લેન્ડે સાઉથ આફ્રિકાને ૨૧૫ બોલ બાકી રહેતા હરાવ્યું હતું. તે પછી હવે ભારતીય ટીમે પણ સાઉથ આફ્રિકાને ૨૦૦ બોલ બાકી રહેતા હરાવ્યું હતું. સાઉથ આફ્રિકા સામે પ્રથમ વનડે મેચમાં સાઈ સુદર્શનને ડેબ્યુ કરવાની તક મળી હતી. તેણે ડેબ્યુ મેચમાં કમાલ કરી હતી. તેણે અણનમ ૫૫ રનની શાનદાર ઈનિંગ રમી હતી. આ સાથે તે ડેબ્યુ વનડે મેચમાં ફિફ્ટી ફટકારનાર ૧૭મો ભારતીય ખેલાડી બની ગયો છે.

### BCCI એ કરી રિપ્લેસમેન્ટની જાહેરાત

# ભારત અને સાઉથ આફ્રિકા ટેસ્ટ સીરિઝમાં નહીં રમે ઈશાન કિશન

## ઈશાનના સ્થાને કેએસ ભરતને ટીમમાં સામેલ કરાયો

। નવી દિલ્હી, તા.૧૮ ।

ટીમ ઈન્ડિયાના યુવા વિકેટકીપર ઈશાન કિશન સાઉથ આફ્રિકા વિરુદ્ધ ૨૬ ડિસેમ્બરે રમાનાર આગામી ટેસ્ટ સીરિઝમાંથી ખસી જવાનો નિર્ણય લીધો છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે રવિવારે ૧૭ ડિસેમ્બરે આ જાણકારી આપી છે. ઈશાન કિશનના રિપ્લેસમેન્ટની જાહેરાત પણ કરી દેવામાં આવી છે.

આ વર્ષે વેસ્ટ ઈન્ડિઝ સામેની ટેસ્ટ શ્રેણીમાં આ ફોર્મેટમાં ડેબ્યૂ કરનાર ઈશાન કિશને અંગત કારણો દર્શાવ્યા છે. તેમણે પોતાના નિર્ણય અંગે બીસીસીઆઈને જાણ કરી છે. ભારતીય બોર્ડે પણ તેમની વિનંતી સ્વીકારી લીધી છે. આ પછી ઈશાનના રિપ્લેસમેન્ટની પણ જાહેરાત કરી દેવામાં આવી હતી. ઈશાનના સ્થાને કેએસ ભરતને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે ઈશાન





અત્યાર સુધી માત્ર ૨ ટેસ્ટ મેચ રમ્યો છે, જેમાં તેણે ૧ અડધી સદીની મદદથી કુલ ૭૮ રન બનાવ્યા છે. તેમણે ૨૭ ODI અને ૩૨ T20 આંતરરાષ્ટ્રીય મેચ પણ રમી છે. ૩૦ વર્ષીય ભરત ઘરેલુ ક્રિકેટમાં આંધ્રપ્રદેશનું પ્રતિનિધિત્વ કરે છે. તેણે અત્યાર સુધી ૫ ટેસ્ટ મેચ રમી છે જેમાં તેના બેટથી કુલ ૧૨૯ રન આવ્યા છે. તેણે ૯૩ ફર્સ્ટ ક્લાસ મેચોમાં ૩૬.૪૦ની એવરેજથી ૪૮૭૮ રન બનાવ્યા છે.

ભારત અને સાઉથ આફ્રિકાની વચ્ચે ટેસ્ટ સીરિઝની શરૂઆત ૨૬ ડિસેમ્બરથી સેન્ચુરિયનમાં થશે. સુપરસ્પોર્ટ પાર્કમાં સીરિઝની પહેલી ટેસ્ટ મેચ રમાશે. ત્યારબાદ ૩ જાન્યુઆરીથી કેપટાઉનના ન્યૂલેન્ડ્સમાં બીજી અને અંતિમ ટેસ્ટ મેચ થશે. ટેસ્ટ સિરીઝમાં ટીમ ઈન્ડિયાની કેપ્ટનશિપ રોહિત શર્મા સંભાળશે. જ્યારે, વિરાટ કોહલી અને જસપ્રીત બુમરાહ જેવા ધુરંધર પણ મેદાન પર વાપસી કરશે.

### માહીની વિકેટકીપર તરીકે ટીમમાં હાજરીથી ઘણા ખેલાડીઓને પીડા થઈ હતી

# ધોની મહાન ક્રિકેટર રહ્યો છે, તેમાં કોઈ શંકા નથી : પાર્થિવ

। નવી દિલ્હી, તા.૧૮ ।

MS DHONI એક ટીમ ઈન્ડિયાનો એવો કેપ્ટન રહી ચૂક્યો છે જેની પાસે 3 ICC ટ્રોફી હોય. ધોની વિશ્વના મહાન કેપ્ટનોમાંથી એક છે. ટીમ ઈન્ડિયામાં માહીનું યોગદાન ઘણા વર્ષોથી મોટુ રહ્યું છે. માહીની વિકેટકીપર તરીકે ટીમમાં હાજરીથી ઘણા ખેલાડીઓને કરિયરમાં નુકસાન થયું હતું. દિનેશ કાર્તિક, રિદ્ધિમાન સાહા જેવા ખેલાડીઓ પણ આ યાદીમાં સામેલ છે. પરંતુ હવે આ યાદીમાં વધુ એક નામ સામે આવ્યું છે જે છે ગુજરાતી મૂળનાં ક્રિકેટર પાર્થિવ પટેલનું. ટીમ ઈન્ડિયાના પૂર્વ વિકેટકીપરે ધોનીને લઈને મોટો ખુલાસો કર્યો છે. એમએસ



ધોની તેની ઝડપી બેટિંગ અને એટલી જ સારી વિકેટકીપિંગ માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે. આ સિવાય કરિયરની શરૂઆતમાં બેટિંગ દ્વારા તેના બેજોડ પ્રદર્શને તેને ટીમ ઈન્ડિયામાં એન્ટ્રી અપાવી દીધી હતી. તેના ડેબ્યૂના થોડા સમય બાદ ધોનીએ ટીમમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું હતું અને તે પછી તેણે પાછળ વળીને જોયું નથી.

### પત્ની અને ત્રણ વર્ષનો પુત્ર ભારતમાં

# મેચ દરમિયાન મેદાનમાં જ ભારતીય મૂળના ક્રિકેટરનું મોત

। નવી દિલ્હી, તા.૧૮ ।

ક્રિકેટના મેદાન પર માત્ર રમત જ નહીં અકસ્માતો પણ થયા કરે છે. કારણ કે આ રમત જેટલી રોમાંચક અને મનોરંજક છે એટલી જ ઘાતક અને જોખમી પણ છે. ક્રિકેટ એ અનિશ્ચિતતાઓની રમત છે. આમાં ખેલાડીઓને ઈજા પહોંચવાની શક્યતા રહેલી છે. પરંતુ ક્યારેક આ ઈજા જીવલેણ પણ સાબિત થઈ શકે છે. જેના કારણે ખેલાડીઓ મેદાનમાં જ મૃત્યુ પામે છે. શુક્રવારે પણ કંઈક આવું જ બન્યું જ્યારે એક ભારતીય ખેલાડી મેચ દરમિયાન અચાનક મેદાન પર પડી ગયો અને તેનું મોત નીપજ્યું. આ ઘટના એટલી ચોંકાવનારી છે કે જેણે પણ જોયું તે ચોંકી ગયું. ઓમાનમાં ‘ફ્રાઈડે મોર્નિંગ ફ્રેન્ડલી લીગ’ નામની ટૂર્નામેન્ટ રમાઈ રહી હતી. જેમાં ધનેશ માધવન નામનો ૩૮ વર્ષનો ખેલાડી ફાઈટર્સ ટીમ વતી મેચ રમી રહ્યો હતો. પછી ફિલ્ડિંગ કરતી વખતે તે અચાનક પડી ગયો અને હોસ્પિટલ લઈ જવાયા બાદ તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. તમને જણાવી દઈએ કે, ધનેશની પત્ની અને ત્રણ વર્ષનો પુત્ર ભારતમાં રહે છે. સાલ ફાઈટર્સ મિસ્ફાહ ટીમના કેપ્ટન શ્રીજશે દુઃખદ ઘટનાની પુષ્ટિ કરતા કહ્યું કે, “તે એક કુશળ ખેલાડી હતો અને અમારી ટીમ માટે સક્રિય ઓલરાઉન્ડર હતો.

### આઈપીએલ ૨૦૨૪ની મીની હરાજી દુબઈમાં યોજાશે

# મિચેલ સ્ટાર્ક, ત્રણ ભારતીયો પર મોટીની બોલીની શક્યતા

## રચિન રવિન્દ્ર અને શાર્દુલ ઠાકુર, શાહરૂખ ખાન અને હર્ષ પટેલ પર પણ ફ્રેન્ચાઈઝીની નજર રહેશે



। નવી દિલ્હી, તા.૧૮ ।

આઈપીએલ૨૦૨૪ માટે મિની ઓક્શન ૧૯ ડિસેમ્બરેદુબઈમાં યોજાવાની છે. આ વખતે ઘણા દિગ્ગજ ખેલાડીઓએ હરાજીના ટેબલ પર પોતાના નામ મોકલ્યા છે. મિશેલ સ્ટાર્ક લાંબા સમય બાદ ઈન્ડિયન પ્રીમિયર લીગમાં વાપસી કરતો જોવા મળશે. તે જ સમયે, આ હરાજીમાં ઘણા યુવા ભારતીય ખેલાડીઓ પર પણ નજર રાખવામાં આવશે. આવો અમે તમને એવા ખેલાડીઓના નામ જણાવીએ કેજેમનામાટેહરાજીના ટેબલ પર તમામ ટીમો વચ્ચે જોરદાર લડાઈ થશે.

૧. મિશેલ સ્ટાર્ક

મિચેલ સ્ટાર્ક લાંબા સમય બાદ આઈપીએલમાં વાપસી કરવા જઈ રહ્યો છે. આ જ કારણ છે કે હરાજી ટેબલ પર તેના નામ પર સૌથી વધુ બોલી લગાવવામાં આવી શકે છે. સ્ટાર્ક પાસે માત્ર ઝડપ નથી , તે બોલને સ્વિંગ કેવી રીતે કરવો તે પણ સારી રીતે જાણે છે. આઈપીએલમાં સ્ટાર્કનો રેકોર્ડ પણ મજબૂત રહ્યો છે. વર્ષ ૨૦૧૫ માંતેણે ૧૩ મેચમાં ૨૦ વિકેટઝડપી હતી.

૨. રચિન રવિન્દ્ર

ન્યૂઝીલેન્ડના યુવા ઓલરાઉન્ડર રચિન રવિન્દ્રનું નામ, જેણે વર્લ્ડ કપ ૨૦૨૩ માં પોતાની બેટિંગથી પોતાનું નામ બનાવ્યું હતું, તે પણ મિની ઓક્શનમાં ફોકસમાં રહેશે. રચિન ટોપ ઓર્ડરમાં ઝડપથી રન બનાવવામાં માહિર છે. આ સાથે તે પોતાના ફરતા બોલથી બેટ્સમેનોને પરેશાન કરવાની શક્તિ પણ ધરાવે છે.

૩. શાર્દુલ ઠાકુર

શાર્દુલ ઠાકુરને કેકેઆરદ્વારા હરાજી પહેલા રિલીઝ કરવામાં આવ્યો હશે , પરંતુ આ ભારતીય ઓલરાઉન્ડર માટે હરાજીમાં સ્પર્ધા થઈ શકે છે. શાર્દુલની ગણતરી મહત્વના સમયે વિકેટ લેનાર બોલર તરીકે થાય છે. ઉપરાંત, શાર્દુલ છેલ્લી ઓવરોમાં તેની બેટિંગથી ઘણો ધૂમ મચાવી શકે છે.

૪. પેટ કમિન્સ

આઈપીએલમાં સૌથી ઝડપી ફિફ્ટી ફટકારવાનો રેકોર્ડ બનાવનાર પેટ કમિન્સનું નામ પણ હરાજીમાં મોટી બોલી લગાવી શકે છે. કમિન્સ તેની ઘાતક બોલિંગ માટે જાણીતો છે. આ સાથે તે બેટથી પણ યોગદાન આપી શકે છે. કમિન્સ સાથે હવે પ્લસ પોઈન્ટ એ છે કે તે કેપ્ટન તરીકે પણ સારો વિકલ્પ હશે.

૫. ગેરાલ્ડ કોએત્ઝી

વર્લ્ડ કપ ૨૦૨૩ માંદક્ષિણ આફ્રિકાના આ ફાસ્ટ બોલરે પોતાની બોલિંગથી બધાને પ્રભાવિત કર્યા હતા. કોએત્ઝી પાસે ગતિ છે અને તે પણ સારી લાઈન અને લેન્થ સાથે બોલિંગ કેવી રીતે કરવી તે જાણે છે. આ જ કારણ છે કે હરાજી ટેબલ પર તેના નામ પર મોટી બોલી લગાવવામાં આવી શકે છે.

૬. હર્ષલ પટેલ

ભલે આઈપીએલ૨૦૨૩ માં હર્ષલ પટેલની બોલિંગ કંઈ ખાસ નહતી પરંતુ તે છેલ્લી ઓવરોમાં કેટલી અસરકારક સાબિત થઈ શકે છે તે બધાએ જોયું છે. હર્ષલે તાજેતરમાં જ વિજય હજારે ટ્રોફીમાં હરિયાણા માટે શાનદાર બોલિંગ કરીને ટીમને ચેમ્પિયન બનાવી હતી.

૭. શાહરૂખ ખાન

પોતાની વિસ્ફોટક બેટિંગ માટે પ્રખ્યાત શાહરૂખ ખાન ભારતના એવા યુવા ખેલાડીઓમાંથી એક છે , જેનું નામ મોટું કહી શકાય. શાહરૂખ છેલ્લી ઓવરોમાં કોઈપણ બોલિંગ આક્રમણને નષ્ટ કરવાની શક્તિ ધરાવે છે.

# અનકેપ્ડ ખેલાડીની સેલેરીમાં વધારો કરવાનો બીસીસીઆઈનો નિર્ણય

। મુંબઈ, તા.૧૮ ।

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ માટે ખેલાડીઓની હરાજીનું આયોજન આવતીકાલે દુબઈમાં થવાનું છે. આઈપીએલની તમામ ૧૦ ટીમોની સાથે ફેન્સ પણ આ મિની ઓક્શનની આતુરતાહતી રાહ જોઈ રહ્યા છે. આઈપીએલઓક્શન ૨૦૨૪ માટે ૩૩૩ ખેલાડીઓના નામ શોર્ટલીસ્ટ કરવામાં આવ્યા છે જેમાંથી ૨૧૪ ખેલાડીઓ ભારતીય છે. આઈપીએલના મિની ઓક્શન પહેલા બીસીસીઆઈએ એક મોટું પગલું લીધું છે. બીસીસીઆઈઅનકેપ્ડ ખેલાડીઓ માટે એક પ્રોત્સાહન યોજના શરુ કરવા જઈ રહ્યું છે. આ યોજનાનો હેતુ અનકેપ્ડ ભારતીય પ્લેયર્સની સેલેરીમાં વધારો કરવો છે. જે અનકેપ્ડ ભારતીય ખેલાડીને ભારતીય ક્રિકેટ ટીમમાં જગ્યા નથી મળતી તો તેને શરૂઆતના વર્ષમાં માત્ર મેચ ફીસ જ મળે છે. હવે અનકેપ્ડ ખેલાડીઓ ઈન્ટરનેશનલ ક્રિકેટ રમે છે તેમને આ ઈન્સેન્ટીવ પ્લાન મુજબ આઈપીએલની ટીમો તરફથી વધુ સેલેરી મળશે. અત્યાર સુધી જે અનકેપ્ડ ખેલાડી આઈપીએલઓક્શનમાં જે કિંમતે ખરીદવામાં આવતો હતો તેણે ત્રણ વર્ષ સુધી એટલી જ સેલેરી મળતી હતી. પરંતુ હવે નવા નિયમો મુજબ આઈપીએલઓક્શનમાં અનકેપ્ડ ખેલાડી તરીકે ખરીદવામાં આવેલો ખેલાડી એક સિઝનથી બીજી સિઝન દરમિયાન જેટલી ઈન્ટરનેશનલ મેચ રમશે તેની સેલેરી ફ્રેન્ચાઈઝીને તે મુજબ વધારવી પડશે. દાખલા તરીકે જો કોઈ ખેલાડી ઓક્શનમાં ૫૦ લાખથી ઓછી કિંમતે વેચાયો છે અને પછી તે ઓછામાં ઓછી એક ઈન્ટરનેશનલ મેચ રમે છે તો ફ્રેન્ચાઈઝી તેની સેલેરી વધારીને ૫૦ લાખ કરશે. જો તે ખેલાડી ૫થી ૯ મેચ રમે છે તો ફ્રેન્ચાઈઝીને તેની સેલેરી ૭૫ લાખ રૂપિયા કરવી પડશે. જો ખેલાડી બે આઈપીએલસિઝન વચ્ચે ૧૦ ઈન્ટરનેશનલ મેચ રમે છે તો તેની સેલેરી ૧ કરોડ રૂપિયા કરવામાં આવશે. આઈપીએલ ૨૦૨૪ના ઓક્શન માટે ૩૩૩ ખેલાડીઓની લીસ્ટમાં ૧૧૬ અનકેપ્ડ, ૨૧૫ કેપ્ડ અને ૨ એસોસિએટ ખેલાડીઓને સામેલ કરવામાં આવ્યા છે. આ મિની ઓક્શનમાં કુલ ૧૧૯ વિદેશી ખેલાડીઓ ભાગ લેવાના છે.

### ગોરખપુર મંદિરના નજીકના હોવાનું બતાવીને છેતરપિંડી

# નકલી સંસ્થાના નામે છેતરપિંડી કરતા બેની ધરપકડ કરી લેવાઈ

## યોગી કોર્પોરેશન ગ્રૂપ ઓફ ઈન્ડિયા નામની નકલી સંસ્થા બનાવી ભળતું નામ રાખ્યું હતું અને એડ્રેસ પણ ખોટુ હતું

। ગોરખપુર, તા.૧૮ ।

ઉત્તરપ્રદેશમાં નકલી સંસ્થા બનાવીને લોકોને છેતરતા બે આરોપીની ગોરખપુર પોલીસે ધરપકડ કરી છે. આરોપીઓએ પોતાની ઓળખ ગોરખપુર મંદિરના નજીકના હોવાનું બતાવીને સેકડો લોકો સાથે છેતરપિંડી કરી છે. તેમની પાસેથી બનાવટી દસ્તાવેજો અને ઓળખકાર્ડ પણ મળી આવ્યા છે. ફરિયાદ બાદ પોલીસ તેમની પાછળ લાગી હતી, જે પછી થોડા દિવસોમાં પોલીસે બન્ને આરોપીને તેમના ઘરમાંથી પકડ્યા હતા. નવાઈની વાત તો એ છે કે, એક બીજેપીના એક મહિલા નેતા પણ આ ઠગોની જાળમાં ફસાયા હતા. પકડાયેલા આરોપીઓનું નામ હર્ષ ચૌહાણ અને કેદારનાથ અગ્રહરિ છે. હર્ષ ગાજિયાબાદનો છે, જ્યારે કેદારનાથ મહરાજગંજનો છે. તપાસમાં જાણકારી સામે આવી કે, બન્ને બનાવટી ઓળખપત્રો બનાવી લોકો સાથે છેતરપિંડી કરતાં હતા. તેમણે ’યોગી કોર્પોરેશન ગ્રૂપ ઓફ ઈન્ડિયા’ નામની નકલી સંસ્થા બનાવી હતી. જેમાં તેઓએ ભળતું નામ રાખ્યું હતું અને એડ્રેસ પણ ખોટુ હતું. આરોપીઓ સોશિયલ મીડિયા વગેરે દ્વારા લોકોને ગેરમાર્ગે દોરીને પૈસા પડાવતા હતા. ક્યારેક તેમની સંસ્થામાં મેમ્બરશીપ આપવા, તો ક્યારેક અધિકારીઓ અથવા કાર્ડ બનાવવાના નામ પર છેતરપિંડી કરતા હતા. જો કે, હાલમાં પોલીસ તપાસ કરી રહી છે કે આ ગેંગમાં બીજા અન્ય લોકો પણ સામેલ છે કે કેમ તે વિશે વધુ માહિતી મેળવી રહી છે. ગોરખપુર એસપી સિટી કૃષ્ણ કુમાર બિશ્નોઈએ કહ્યુ કે, હાલમાં બન્ને આરોપીને ધરપકડ કરવામાં આવી છે.

# ઈટાલીમાં શરિયા કાયદો નહીં ચાલેઃ જ્યોર્જિયા મેલોની

। રોમ, તા.૧૮ ।

ઈટાલીના પીએમ જ્યોર્જિયા મેલોનીએ શરિયા કાયદા અને ઈસ્લામને લઈને મોટું નિવેદન આપ્યું છે. મેલોનીએ દાવો કર્યો છે કે યુરોપમાં ઈસ્લામનો પ્રચાર થઈ રહ્યો છે. મેલોનીએ સાઉદી અરેબિયા પર ઈટાલીમાં ઈસ્લામિક સાંસ્કૃતિક કેન્દ્રોને નાણાકીય સહાય આપવાનો આરોપ લગાવ્યો હતો. આ સાથે મેલોનીએ ઉગ્રવાદીઓને સ્પષ્ટ સંદેશ આપ્યો અને કહ્યું કે તે ઈટાલીમાં શરિયા કાયદો લાગુ થવા દેશે નહીં. ઈટાલિયન પીએમએ કહ્યું કે ઈસ્લામિક સંસ્કૃતિના અલગ-અલગ મૂલ્યો છે જે આપણા સાથે મેળ ખાતા નથી. મેલોનીએ વધુમાં જણાવ્યું હતું કે સાઉદી અરેબિયામાં શરિયા લાગુ છે, જે અંતર્ગત વ્યભિચાર માટે મારપીટ, ધર્મ છોડવા માટે મૃત્યુદંડ, સમલૈંગિકતા માટે મૃત્યુ દંડ પણ લાગુ છે.

### કટ્ટરપંથી જેહાદી આતંકવાદી જૂથ સામે કાર્યવાહી

# જેહાદી જૂથો સામેની કાર્યવાહીમાં દેશમાં ૧૯ સ્થળે એનઆઈએના દરોડા

## આતંકવાદ વિરોધી એજન્સી રાજ્ય પોલીસ દળો સાથે નજીકના સંકલનમાં આ દરોડા પાડી રહી છે

। નવી દિલ્હી, તા.૧૮ ।

કેન્દ્ર સરકાર કટ્ટરપંથી જેહાદી આતંકવાદી જૂથ સામે કાર્યવાહી કરી રહી છે. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) એ કટ્ટરપંથી જેહાદી આતંકવાદી જૂથનો પર્દાફાશ કર્યો છે. એનઆઈએ દક્ષિણ ભારતમાં ઘણી જગ્યાએ દરોડા પાડી રહી છે. હાલમાં દક્ષિણ ભારતમાં ૧૯ સ્થળોએદરોડા પાડવામાં આવી રહ્યા છે . આજે સવારથી દરોડાની કાર્યવાહી ચાલી રહી છે. આતંકવાદ વિરોધી એજન્સી રાજ્ય પોલીસ દળો સાથે નજીકના સંકલનમાં આ દરોડા પાડી રહી છે. વિકાસની નજીકના સૂત્રોએ કેટલાક ઓપરેશનલ કારણોસર જેહાદી જૂથ વિશે ચોક્કસ સ્થાન અને માહિતી શેર કરી ન હતી. એનઆઈએદ્વારાસર્ચ કરવામાં આવી રહેલા ૧૯ સ્થળોમાંથી મોટાભાગના જેહાદી જૂથ સાથે જોડાયેલા શંકાસ્પદો સાથે જોડાયેલા છે. વિકાસ સાથે સંકળાયેલા સૂત્રોએ કેટલાક કારણોસર જેહાદી જૂથ વિશે ચોક્કસ સ્થાન અને માહિતી શેર કરી ન હતી. સૂત્રો પાસેથી મળેલા ઈનપુટ્સ મુજબ, આતંકવાદી જૂથ ભારત વિરોધી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત છે અને હુમલાની યોજના બનાવવાનું અનેયુવાનોની ભરતી કરવાનું શીખી ગયું છે. લશ્કર-એ-તૈયબા (એલઈટી)ના આતંકવાદી દ્વારા કેદીઓને કટ્ટરપંથી બનાવવાની તેની તપાસના ભાગરૂપ, એનઆઈએએ કર્ણાટકના બેંગલુરુમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. કેસમાં ચાલી રહેલી તપાસના ભાગરૂપે એનઆઈએદ્વારા ૧૩ ડિસેમ્બરે છ સ્થળોએ મોટાપાયે સર્ચ કરવામાં આવ્યું હતું.

## તંત્રી લેખ...

# વર્ષ ૨૦૨૩ની વિદાય આવી ગઈ છે

વર્ષ ૨૦૨૩ની વિદાય આવી ગઈ છે, વર્ષ પૂરું થતાં જ વાર્ષિક પરીક્ષા અને વાર્ષિક હિસાબો કરવાના આ સમયમાં જે વાત સારી રીતે સ્પષ્ટ થઇ તેમાં, હવે સાઉથના કલાકારોની ફિલ્મો માત્ર હિટ અને સુપરહિટ જ હોય ક્રમ પ્રભાસે જ તોડયો. 'બાહુબલી' પ્રથમ સાથે હિન્દીમાં પણ પ્રભાસની ફિલ્મો ચાલશે એ ભ્રમ 'આદિપુરુષ' ફિલ્મ સાથે તૂટયો. બીજી મહત્વની ઘટના એ પણ જોવા મળી કે, ફિલ્મોની સિકવલ વધારે ચાલે છે. ગદર ૨, ડ્રિમ ગર્લ ૨, ફૂંકરે ૩, ટાઇગર ૩ અને ઓએમજી ૨ના કેસ માં ખુબ સારા કલેક્સન જોવા મળ્યા છે. એજ રીતે અક્ષય કુમારની ફિલ્મ પણ મિનિમમ ૧૦૦ કરોડનું કલેક્સન લે જ એ વાત આ વર્ષે અટકી છે, 'ઓએમજી ૨'ના ૧૫૦ કરોડની આવક સામે 'મિશન રાનીગંજ' ને માત્ર ૩૩ કરોડની જ આવક થઈ છે. એ યાદીમાં અજય દેવગનનું નામ પણ છે, તેની ફિલ્મ 'ભોલા' પણ આ વર્ષે ૧૦૦ કરોડની કમાલ કરી શકી નથી. આ બન્ને અજય અને અક્ષયના ૧૦૦ કરોડના કલેક્સન અટકવા સામે આયુષ્માન ખુરાનાની ડ્રિમ ગર્લ ૨, ૧૦૦ કરોડ પલ્સ કલેક્સન લાવી શકી છે, તો બીજા નવોદિત વિકી કૌશલની ફિલ્મો 'જરા હટકે જરા બચકે' અને 'સેમ બહાદુર' ફિલ્મો એ તેનું બૉલીવુડ માન વધાર્યું છે. આ વર્ષે સાઉથની ફિલ્મોની લોકપ્રિયતા ઘટાડવામાં સૌથી મોટી ભૂમિકા રણબીર કપૂર અને શાહરુખ ખાનની ફિલ્મોએ ભજવી છે. વર્ષની શરૃઆતમાં 'પઠાણ' ફિલ્મ સાથે કલેક્સન ખુબ સારા આવવાનું શરૃ થયું, જેનો આંકડો ૫૪૩ કરોડ સુધી પહોંચી ગયો, ત્યાં પાછળ માર્ચમાં રણબીર કપૂરની 'તું ઝૂઠી મેં મક્કર' ફિલ્મ આવી અને કલેક્સન ૧૫૦ કરોડને પાર કરી ગયું. હવે વર્ષના અંતમાં રણબીર કપૂરની એનિમલ ૫૦૦ કરોડ સુધીમાં પહોંચી છે, તો શાહરુખ ખાનની હજી ડંકી ફિલ્મ રજૂ થવાની બાકી છે, તે પહેલા સપ્ટેમ્બરમાં આવેલ 'જવાન' ફિલ્મ ૬૪૫ કરોડના કલેક્સનનો નવો સૌથી ઉંચો રેકોર્ડ બનાવી ગઈ છે. આ વર્ષમાં સલમાન ખાનની પણ બે ફિલ્મો આવી અને એ બન્ને ફિલ્મોએ ૧૦૦ કરોડથી વધુનું કલેક્સન લીધું અને એ ખાન પણ હજી અક્ષય અને અજયની જેમ નબળા પડયા નથી. આ સાથે સની દેઓલની 'ગદર ૨' અને 'ધ કેરાલા સ્ટોરી'ના કલેક્સન પણ ખુબ સારા રહ્યા છે. વર્ષની ટોપ ૨૫ ફિલ્મોમાં ૨૩ ફિલ્મો હીરો -મેલ અભિનેતા મુખ્ય હોવાને કારણે ચાલી છે, જયારે એક માત્ર આલિયા ભટ્ટ - કપૂર એવું નામ રહ્યું છે કે, લગ્ન બાદ પણ તેના અભિનયની કમાલ યથાવત છે. રોકી ઓર રાની કી પ્રેમ કહાની ફિલ્મ માત્ર આલિયા ભટ્ટને કારણે જ ચાલી એમ ગૌરવથી કહી શકાય!! હજી વર્ષ પુરુ થયું નથી અને શાહરુખ ખાન હવે રાજકુમાર હીરાની જેવા ૩૦૦ કરોડના ડિરેક્ટર સાથે ફિલ્મ કરી રહ્યો છે, જે ડંકી ફિલ્મ ૨૧ ડિસેમ્બરએ રજૂ થઈ રહી છે. તેના ચાર ડ્રોપ - ટ્રેલર અને સોન્ગ દ્વારા ઘણું મોટુ આકર્ષણ ઉભું થયું છે, પ્રક્ષકોમાં ઉતેજના છે, જે ડંકી ફિલ્મ પણ વધુ એક નવો કીર્તિમાન બનાવશે. આ ફિલ્મ રાજકુમાર હિરાણીની વાર્તા કહેવાની શ્રેષ્ઠ કૃતિ છે. ફર્સ્ટ હાફમાં ફિલ્મ લંડનની સફર વિશે છે. તે તમને પાત્રો અને વાર્તા, કોમેડી, રોમાન્સ, પ્રેમ અને મિત્રતા સાથે ઊંડે સુધી જોડે છે. બીજા ભાગમાં એક વાસ્તવિક વાર્તા છે જે તમને રડાવી દેશે. ભારતીય સિનેમામાં તે ઐતિહાસિક હશે.

# સદગુરુ આપણું વ્યક્તિત્વ અસ્તિત્વની સપાટીએ લઈ જઈ ઈશ્વર સન્મુખ કરવામાં મદદ કરે છે



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. રોજ સૂર્યનો ઉદય થવો, રોજ માનવીનું જાગવું, વળી પાછું કાર્ય કરવું અને વળી પાછું સુવું,આ રોજીંદી ઘટનાઓ સદીઓથી ચાલી રહી છે, પણ શું ખરેખર આપણે સ્થૂળ સુક્ષ્મ બંને રીતે જાગ્યા છીએ? જવાબ છે ના! કળિયુગનું આયુષ્ય આપણે મનના મેલ જેમ વધારતા જઈશું તેમ વધતું જશે, એ સત્ય જાણતાં હોવા છતાં કંઈ કરી શકતા નથી, એનું એક કારણ એ છે કે આપણે ફક્ત સ્થૂળ શરીરથી જ જાગીએ છીએ, અને સૂક્ષ્મ શરીર સુષુપ્તાવસ્થામાં જ રહે છે. જાગૃતિ એ બહુ મહત્વનું કાર્ય કરે છે, પણ આપણે જાગૃત રહી શકતા નથી, અને એના કારણો પણ ઘણા છે, આપણે તેમાં જવું નથી. પરંતુ શ્રવણ ભક્તિ દ્વારા મનમાં પડાયેલા શબ્દો, અને કીર્તન દ્વારા ઈશ્વરનું ચરિત્ર સદીઓથી માનવી ગાતો આવ્યો છે, અને એમાં કંઈ નવું નથી. સૌ કોઈ આ વાતને જાણે જ છે, છતાં પણ કરી શકતા નથી, એ પણ એટલું જ વાસ્તવિક સત્ય છે. એટલે કે માનવીને ભોગમાંથી યોગ તરફ વાળવા માટે કોઈ એક મીડીએટર એટલે કે મધ્યસ્થી મળી જાય. અથવા તો જેણે આ માર્ગ જોયેલો છે, અનુભવેલો છે, ઈશ્વર તત્વને ઓળખે છે, એવું કોઈ આપણને રાહ ચીંધે, તો આપણામાં થોડી જાગૃતિ આવે, અને થોડે ઘણે અંશે અંતરનો મેલ ઓછો થાય. એટલે આજે આપણે ચિંતન માં સદગુરુની ચેતના સાધકની ચેતના પર કંઈ રીતે કાર્ય કરે છે એ વાત કરીશું. આ મધ્યસ્થી કે મીડીએટર એટલે ગુરુ, જેનું આપણી સંસ્કૃતિમાં ખૂબ જ મહત્વ છે. ગઈકાલે ચિંતનનો લેખ વાંચી અને એ ગ્રુપમાં એક સ્નેહી મિત્ર એ કહ્યું કે બેન તમારી પાસે એલેક્સા છે કે શું? કે તરત જ મનમાં બધું ટાઈપ થઈ જાય છે. એટલે કહ્યું કે ના એવું તો કંઈ નથી પરંતુ એન્ટેના છે, કે જેની પર સદગુરૂના સંદેશા કે બોધ ઝીલાય છે. સન્મુખ થવું એટલે આપણું જીવન ચરિત્ર તેની સામે ખુલ્લું કરી દેવું,કે પછી આપણા કર્મનો સ્વીકાર કરી લેવો. સારા ખરાબ તમામ કર્મો અને તેને લગતા ભાવ આ બધું જ જ્યાં સુધી બંધ હતું, ત્યાં સુધી જ ભાર હોય કે ભાવ હોય. જેમ સુગંધ કે વાસ એ બારી બારણાં ખોલી નાખવાથી ઓછી થઈ જાય છે,તેમ આ બધું જ ઓછું થતું જાય છે, અને ભાર પણ ઓછો થઈ જાય છે, અને ભાર ઓછો થતા ભાવ પણ શુદ્ધ થાય છે, બસ આપણાં દુર્ગુણ નો સ્વીકાર કરવાનો છે, આટલું જ કરવાનું છે. માનવીના જીવન વ્યવહારો આજકાલ ખૂબ જ જટિલ થઈ ગયાં છે. અને એને કારણે સંબંધ પણ શુદ્ધ રહ્યા નથી, એટલે કે દરેકમાં કોઈને કોઈ સમસ્યા છે. એના કારણો પણ ઘણાં હોય છે પરંતુ એ બધું આપણે જાણીએ છીએ, અને જીણા માં જીણું કાતીએ તો ક્યાંક કોઈ વાર અહંકાર રહી જતો હોય કે, ક્યાંક કોઈ વાર વધુ પડતો આગ્રહ એટલે કે દુરાગ્રહ કે પૂર્વગ્રહ આ સમસ્યાનું મૂળ હોય છે, અને એને કારણે સંબંધોમાં રાગ-દ્વેષ ઈર્ષા નિંદા બધુ પ્રવેશતુ હોય છે. એટલે જે હૂંફ, લાગણી કે પ્રેમ માટે સંબંધ બંધાયો હતો, એ પૂરતા પ્રમાણમાં અંદરોઅંદર મળતો નથી, અને એ કમી જીવનને પ્રસન્ન રહેવા દેતી નથી, અથવા તો પ્રસન્નતાનો અભાવ વર્તાય છે, એટલે વધુને વધુ સુખ સાધનો ભોગવી અને આ પ્રસન્નતા મેળવવાની કોશિશ કરવામાં આવે છે. પરંતુ ભોગ એ શાંતિ કે પ્રસન્નતા આપી શકતો નથી, આ સત્ય જાણવા છતાં એ તરફ આપણે વધુ ને વધુ દોડી રહ્યા છીએ, એનું કારણ એ છે કે આપણને શાશ્વત આનંદની અનુભૂતિ થઈ નથી. એકવાર જો એ આનંદની ચાહત થાય કે એ આનંદની લત લાગી જાય, તો પછી જીવ ભોગમાં એટલો પ્રવૃત રહેતો નથી.

શ્રવણ અને કીર્તન ભક્તિ કે પછી ભક્તિના કોઈપણ પ્રકારે આપણે પરમાત્માને પામવા તો નીકળી ગયાં, પરંતુ પરમાત્મા વિશેની આપણી પરિકલ્પના મુજબ પરમાત્મા ન મળે તો, આપણે ઘણીવાર તે તક ચૂકી જતા હોઈએ છીએ. કારણ કે પરમ તત્વ તો કણકણમાં વ્યાપ્ત છે, અને એ આપણી સામે કઈ રીતે આવે, એ એમ કહેવાય! દરેકને જીવનમાં એક ને એક વાર ઈશ્વર તત્વની પ્રતીતિ કરવાનો મોકો મળે જ છે, પરંતુ આપણી જાગૃતિના અભાવે, આપણે તે અનુભવી શકતા નથી, અને એ તક હાથમાંથી ચાલી જાય છે. સદગુરુ સાધકને સ્થૂળ અને સૂક્ષ્મ બંને રીતે જાગૃત કરે છે, અને ચોવીસ કલાક જાગૃતિ બની રહે, એટલી હદે ઈન્દ્રિયોને સતેજ કરે છે. દરેકના અંતરમાં રામ અને રાવણ બંને હોય છે એટલે કે ગુણ-અવગુણની રીતે કહીએ, કે પછી કાળ અને મહાકાળની રીતે કહીએ, તો, દરેકમાં તત્વ અને પરમ તત્વ બંને મોજુદ હોય છે. જાગૃતિ અહીં કામ કરે છે, એટલે કે આપણે કાળના હાથનું રમકડું બનીએ છીએ, કે મહાકાળના હાથની ચેષ્ટાનું કારણ બનીએ છીએ. જીવની બંને રીતે ગતિ થાય છે, એટલે કે આંતર માનસની મલિનતા એ કળિકાળનું સૌથી મોટું લક્ષણ છે. એટલે આપણા માનસની આવી લાક્ષણિકતા પ્રમાણે જ આપણે જીવીએ, તો આપણે કાળનો રમકડું બન્યા, અને જાગી જઈએ તો અંતર માનસમાં ઉપર લખ્યું તેમ, ભાર મુક્ત થતાં ભાવ શુદ્ધી થાય છે. કાળ હંમેશા પોતાનું ધાર્યું કરાવી પ્રસન્નતા થી દૂર લઈ જાય છે, એટલે સંબંધો માં અશાંતિ! આખરે એ જ તો કારણ છે, આપણી અપ્રસન્નતાનુ. પરંતુ ઘણીવાર એવું બને કે આપણી જાગૃતિ ખુબજ પ્રમાણ હોય, છતાં અણધારી ઘટના બને, એટલે કે આપણને દુઃખ થાય એવું આપણાથી થઈ જાય. ત્યારે સદગુરુ સમજાવે કે તું નિમિત્ત માત્ર છે,અને જરૂરી નથી કે મહાકાળ આપણાં ગુણનો જ પ્રયોગ કરે, એ આપણા અવગુણનો પણ ઉપયોગ કરે છે.પણ મહાકાળ આપણાં ગુણ અવગુણ જેનો પણ ઉપયોગ કરે તે ઈતિહાસ બની જાય છે.એટલે કે આપણને અમર બનાવી શકે છે. રામાયણની કથાથી આપણે સૌ પરિચિત છીએ રાજા દશરથ જ્યારે જાહેર કરે છે કે આવતીકાલે રામનો રાજ્યાભિષેક છે, ત્યારે માતા કૈકેયી પોતાના બચાવી રાખેલા વચનો માંગે છે, અને રામને રાજ્યભિષેક ની બદલે વનવાસ થાય છે, આ આપણે સૌ જાણીએ છીએ. પણ ભરત જેવા સંતની માતા હોવા છતાં કૈકેયી થી આવું થયું, એટલું માત્ર સત્ય નથી. આ ઘટના પરમસત્ય માટે બહુ જરૂરી હતી, માટે મહાકાળ એ કૈકેયીના મોહ મમતાના અવગુણનો ઉપયોગ કર્યો, એ આખી ઘટનાનું મૂળ સત્ય છે. પરમ સત્ય શું હતું, એ આપણે બધા જ જાણીએ છીએ, કે ભગવાન વનવાસમાં જાય અને સચરાચર જીવ ને તેના દર્શનનો લાભ મળે આ ઉપરાંત ૧૪ વર્ષ દરમિયાન તેને અવતાર કાર્ય તરીકે બીજા કેટલાય કાર્ય કરવાના હતા જેમ કે અહલ્યા નો ઉદ્ધાર, કેવટ, નિષાદ વગેરે ને મળવું, કેટલાય ઋષિ મુનિઓ પાસેથી વિદ્યા લીધી, હનુમાન, વાલી, સુગ્રીવ, અંગદ, આ બધાં સાથે પરિચય કેળવી ને મૂળ અવતાર કાર્ય રાવણનો વધ એટલે કે અધર્મનો અંત અને ધર્મની પુનઃ સ્થાપના. જો એ અયોધ્યા માં જ રહ્યા હોત તો આ કાળકર્મ કે અવતાર કર્મ કેમ થાય! સદગુરુ આપણું વ્યક્તિત્વ અસ્તિત્વની સપાટીએ લઈ જાય તેને સન્મુખ કરવામાં મદદ કરે છે, અને આ ઉપરાંત જાગૃત રાખે છે.

આપણે સૌ જીવનમાં કાળનું રમકડું બનીને આપણું જીવન વધુ ને વધુ જટિલ કરતા જઈએ છીએ, એ સત્ય સમજી અને બને તેટલાં જાગૃત રહીએ, સંબંધોમા પ્રેમ અને હૂંફ બની રહે એ માટે શક્ય હોય એટલો ત્યાગ અને સમર્પણ કરીએ, પરમાત્મા તો કણકણમાં વ્યાપ્ત છે, તો એ રીતે તેને જોવા અને સમજવાનો પ્રયત્ન કરી એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# હરિના જન તો મુક્તિ ન માગે, જનમોજનમ અવતાર રે. મુક્તિ કરતા ભક્તિમાં અલૌકિક આનંદ છે



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા

જગત અસત્ય છે, પરમાત્મા સત્ય છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં જે એક સ્વરૂપે રહે તે સત્ય. તેથી વ્યાસજી કહે છે કે, સત્યનું અમે ધ્યાન કરીએ છીએ. તેથી સુખી થવું હોય તો સત્ય પરમાત્મા સાથે પ્રેમ કરો.જગત અસત્ય છે. જગત ના પદાર્થો દુઃખરૂપ છે. વ્યવહારમાં જગત સત્ય જેવું ભાસે છે,પણ તત્ત્વ દૃષ્ટિથી જગત સત્ય નથી. તે જ્ઞાની પુરુષો જગત અનિત્ય છે, અસત્ય છે, માયા છે, માત્ર ભાસ છે, તેમ વારંવાર ચિંતન કરે છે. સ્વપ્નમાંથી જાગ્યા પછી સ્વપ્ન જેમ મિથ્યા લાગે છે, તેમ ભગવાનના સાક્ષાત્કારથી જગત મિથ્યા લાગે છે. ઈશ્વર સદા-સર્વદા એક સ્વરૂપ છે.એને કામ,ક્રોધ, લોભ વગેરેની અસર થતી નથી. એ પોતે આનંદરૂપ છે. રૂપિયો ખોટો હોય તો તેના ઉપર મોહ થતો નથી તેમ આ ખોટા, અસત્ય જગત ઉપર મોહ ન કરવો મિલનમાં સુખ થાય છે, પણવિયોગ માં અતિશય દુઃખ થાય છે. માટે વિયોગ અવશ્ય છે એમ સમજી જગતના જીવો ઉપર પ્રેમ ન કરો. અંધારામાં પડેલું દોરડું સર્પરૂપે ભાસે છે, પરંતુ પ્રકાશ આવતાં જ્ઞાન થતાં તેના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય છે. તેમ આ સંસાર અસત્ય હોવા છતાં માનવીને અજ્ઞાનને કારણે તે સત્ય હોય એમ ભાસે છે.આ દશ્ય જગત અસત્ય છે, ભ્રમ રૂપ છે, ખોટું છે. તેમ છતાં સત્યરૂપ પરમેશ્વરના આધારે તે રહેલું હોવાથી તે સત્ય જેવું ભાસે છે.

રાજાએ ખોટા મોતીનો હાર પહેર્યો હોય,તો પણ તેની પ્રતિષ્ઠાનેકારણે લોકો માનશે કે રાજાએ સાચાં મોતીનો હાર પહેર્યો છે. ગરીબ માણસે સાચાં મોતીનો હાર પહેર્યો હોય,તો પણ તેની ગરીબીને કારણે લોકો એમ માનશે કે,તેણે ખોટાં મોતીનો હાર પહેરેલો છે.તે પ્રમાણે જગતરૂપી બનાવટી મોતીની કંઠી પરમાત્માએ પોતાના ડોક માં રાખી છે. માટે જગતમાં રહેજો પણ જગતને ખોટું માનીને રહેજો. ભાગવતનો મુખ્ય વિષય કયો?અને ભાગવતનો અધિકારી કોણ? જે ધર્મમાં બિલકુલ કપટ નથી એ નિષ્કપટ ધર્મએ ભાગવતનો મુખ્ય વિષય છે.મનુષ્ય સત્કર્મનું ફળ ઈચ્છે તો એ ધર્મમાં કપટ છે. નિષ્કામ કર્મમાં દોષ ક્ષમ્ય છે. સકામ કર્મમાં દોષ ક્ષમ્ય નથી.



નિષ્કામ કર્મમાં ભૂલ ક્ષમ્ય છે, પરંતુ સકામ કર્મમાં ભૂલ થાય તે ક્ષમ્ય નથી.નારદજીએ વાલ્મીકિ ને રામના મંત્રનો જપ કરવાનું કહ્યું. વાલ્મીકિ ભૂલથી રામને બદલે મરા મરા જપવા લાગ્યા. મરા મરા કહેવાથી પણ આ મંત્રનું ફળ તેઓને મળ્યું. કારણ? તેમાં નિષ્કામ કર્મ છે. અતિ પાપીના મુખમાંથી ભગવાન નું નામ જલ્દી નીકળતું નથી. ભગવાન અંદર આવે તો પાપને બહાર નીકળવું પડે, એટલે પાપ ભગવાનનું નામ લેવા દેતું નથી. સેવાનું ફળ સેવા છે, મેવા નહીં. માટે મુક્તિની પણ આશા કરવી નહીં. આમ ભગવાનનો મુખ્ય વિષય છે નિષ્કામ ભક્તિ. ભોગ ભોગવવાની ઈચ્છા છે ત્યાં ભક્તિ રહેતી નથી.ભોગ માટે ભક્તિ કરે તેને ભગવાન વહાલા નથી, સંસાર વહાલો છે.ભોગ માટે ભક્તિ નહીં,ભગવાનને માટેભક્તિ કરો. ભક્તિનું ફળ ભોગ નથી, ભગવાન છે.

ઠાકોરજી મારું કામ કરે એવો વિચાર કરે તેને વૈષ્ણવ કેમ કહેવાય?

ભગવાન પાસે કોઈ પુત્ર માગે છે. કોઈ ધન માગે છે.કોઈ સુખ માગે છે. ભગવાન કહે છે, પોતાનું કામ મારા મારફત. વાહ! આ તો એમનું કામ મારી પાસે કરાવવા માગે છે. સાચો વૈષ્ણવ તો કહેશે,મારીઆંખ મારી બુદ્ધિ, મારું મન, મારું બધું હું આપને સમર્પણ કરવા આવ્યો છું. વૈષ્ણવો પ્રભુ પાસે મુક્તિ પણ માગતા નથી.મને દર્શન આપો એમ પણ કહેતા નથી. માગવાથી પ્રેમનો ભંગ થાય છે. પ્રેમ ઓછો થાય છે. માટે ભગવાન પાસે કંઈ માગશો નહીં.શ્રીરામચંદ્રજીનો રાજ્યાભિષેક થયા પછી તેઓ દરેક વાનરને ભેટ-સોગાદ આપી નવાજેશ કરે છે,પરંતુ હનુમાનજી ને તેઓ કાંઈ આપતા નથી. આ જોઈ સીતાજી કહે,આ હનુમાન જીને પણ કાંઈ આપોને.રામજી કહે, હનુમાનજીને હું શું આપું?હનુમાનજીના ઉપકાર નો બદલો મારાથી વાળી શકાય તેમ નથી.શુદ્ધ પ્રેમમાં લેવાની નહીં, આપવાની ભાવના થાય છે. મોહ ભોગ માગે છે, જ્યારે પ્રેમ ભોગ આપે છે. પ્રેમમાં માગણી ન હોય. પ્રેમમાં માગણી આવી એટલે સાચો પ્રેમ ગયો સમજવો.ભક્તિ માં માગો તે માગેલી વસ્તુ મળશે ખરી,પણ ભગવાન જશે, આપવા વાળો જશે. ભગવાન ગીતામાં કહે છે કે, દેવના ભક્તો દેવની પૂજા કરે છે. તેઓ પણ તેનું ફળ પામે છે ને મારા ભક્તો મને પામે છે.

ભગવાન પાસે જેટલું માગશો તેટલું તે આપશે પણ પ્રભુ પાસે માગશો, તો પ્રેમ ઓછો થશે. વ્યવહારમાં પણ એક મિત્ર બીજા પાસે ન માગે ત્યાં સુધી બે વચ્ચે પ્રેમ રહે છે.ગોપીઓ આંખ શ્રીકૃષ્ણને આપે છે, મન શ્રીકૃષ્ણને આપે છે. કહે છે મારે કાંઈ માગવું નથી.મારું સર્વસ્વ મારે શ્રીકૃષ્ણને આપવું છે. એમ માનો પ્રભુએ મને ઘણું આપ્યું છે. ઠાકોરજીએ ઓછું આપ્યું હોય તો માનવું કે મારા ઠાકોરજી પરિપૂર્ણ છે, પણ મારી લાયકાત નથી એટલે ઓછું આપ્યું છે. નિષ્કામ ભક્તિ ઉત્તમ છે. વૈષ્ણવો મુક્તિની પણ અપેક્ષા કરતા નથી. હરિના જન તો મુક્તિ ન માગે, જનમોજનમ અવતાર રે. મુક્તિ કરતા ભક્તિમાં અલૌકિક આનંદ છે. ભક્તિમાં જેને આનંદ મળે છે તેને મુક્તિનો આનંદ તુચ્છ લાગે છે. વૈષ્ણવો માને છે, મુક્તિ એ તો મારા ભગવાનની દાસી છે,મારે દાસીનું કામ નથી,ભગવાનનું કામ છે. દાસી કરતાં મારા ભગવાન વધારે છે.

રામકૃષ્ણ પરમહંસને કેન્સર થયેલું. શિષ્યા કહે છે કે, માતાજીને કહો. તારો રોગ સારો કરે. રામકૃષ્ણે કહ્યું, મારી માતાને હું મારા માટે તકલીફ નહીં આપું. ભક્તિનો અર્થ એવો નથી કે પોતાના સુખ માટે ઠાકોર જીને પરિશ્રમ આપવો.

માગવાથી સાચી મૈત્રીનું ગૌરવ ટકતું નથી. સાચી મૈત્રી સમજનાર કદી માગતો નથી. સુદામાની ભગવાન પ્રત્યેની મૈત્રી જુઓ. સુદામાની સ્થિતિ ગરીબ હતી. તેમની પત્નીએ તેમને શ્રીકૃષ્ણને ત્યાં માગવા મોકલ્યા. સુદામા ભગવાને મળવા આવ્યા છે. સુદામા માગવા આવ્યા નથી. દ્વારિકાનાથનો તેમણે વૈભવ જોયો પણ સુદામાએ જીભ કચડી નથી. સુદામાને લાગ્યું કે, મારા દુઃખની કથા સંભળાવીશ, તો મારા પ્રભુને દુઃખ થશે. મારાં દુઃખએ મારાં કર્મનું ફળ છે. મારાં દુઃખ માટે પ્રભુને શા સારું દુઃખ કરું? એટલે સુદામાએ ભગવાન પાસે કાંઈ માગ્યું નથી. સુદામાને બસ એક જ ઈચ્છા છે. મારા પૌંવા ભગવાન આરોગે. સુદામા લેવા આવ્યા નથી, તે પોતાનું સર્વસ્વ આપવા આવ્યા છે. ઈશ્વર પહેલાં તમારું સર્વસ્વ લેશે તે પછી પોતાનું સર્વસ્વ આપશે અને જે ઈશ્વરને સર્વસ્વ આપશે તેને ઈશ્વરનું સર્વસ્વ મળશે. જીવ નિષ્કામ બને છે ત્યારે ભગવાન તેની પૂજા કરે છે. ભક્તિ નિષ્કામ હોય તો ભગવાન પોતાના સ્વરૂપનું ભક્તને દાન કરે છે. જીવ જ્યારે જીવપણું છોડી ઈશ્વરના દ્વારે જાય છે,ત્યારે ઈશ્વર પણ ઈશ્વરપણું ભૂલે છે.દસ દિવસ ના ભૂખ્યા હતા, તો પણ સુદામાએ પોતાનું સર્વસ્વ ભગવાન ને આપી દીધું.સુદામાના પૌંવા ભલે મુઠી જેટલા હશે પણ સુદામાનું તે સર્વ સ્વ હતું. પૌંવાની કિંમત ન હતી. સુદામાના પ્રેમની કિંમત હતી. ગોપીઓએ કાંઈ માગ્યું નથી.ગોપી ઓની ભક્તિ નિષ્કામ હતી,એટલે ભગવાન ગોપીઓના ઋણમાં રહ્યા છે. ગોપી ગીતમાં પણ ગોપીઓ ભગવાનને કહે છે કે, અમે તમારી વગર વેતનની દાસીઓ છીએ.અમે માત્ર તમારી નિષ્કામ સેવા કરી જાણીએ.કુરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણ તેમજ ગોપી ઓ મળે છે, ત્યારે પણ ગોપીઓ શ્રીકૃષ્ણ પાસે કાંઈ માગતી નથી, ફક્ત એટલું જ કહે છે કે,સંસાર ના કૂવામાં પડેલા તમારા ચરણનો આશરો લે તો તરી જાય છે તેમ અમે ઘરમાં રહીએ તોયે અમારા મનમાં તમારા ચરણનું સ્મરણ રહો એક ગોપી ઉદ્ધવજીને કહે છે, ઉદ્ધવ તું કોનો સંદેશો લઈને આવ્યો છે? શ્રીકૃષ્ણનો?તે તો અહીં જ છે! શ્રીકૃષ્ણ મથુરા ગયા જ નથી. મારા ઠાકોરજી હંમેશાં મારી સાથે છે.ચોવીસ કલાક અમારો અને તેનો નિત્ય સંયોગ છે.

ગોપીઓનો પ્રેમ યુદ્ધ છે. ગોપીઓ જ્યારે ઠાકોરજીનું સ્મરણ કરે છે, ત્યારે ઠાકોરજીને પ્રગટ થવું પડે છે. ગોપીઓની નિષ્કામ ભક્તિ એવી છે કે, તે ભગવાનને ખેંચી લાવે છે. ભગવાન પોતે જ ઉદ્ધવને કહે છે કે,મારી ગોપીઓ મારામય ચિત્ત વાળી છે. ઠાકોરજીને નિત્ય સાથે રાખશો,તો જ્યાં જશો ત્યાં ભક્તિ કરી શકશો.તેથી તો તુકા રામ કહે છે કે,ભલે મને ભોજન ન મળે પણ ચોવીસ કલાકમાં એક ક્ષણ પણ પ્રભુ,હે વિઠ્ઠલનાથ,મને તમારાથી અલગ ન કરશો. ગોપીઓનો આદર્શ આંખ સમક્ષ રાખી ભગવાનની ભક્તિ કરો. સુદામાની નિષ્કામ ભક્તિ યાદ રહે તેવી ભક્તિ કરો. ભક્તિ નિષ્કામ હશે તો ભગવાન પોતાનું સ્વરૂપ આપી દેશે, અને તેથી જ નિષ્કામ ભક્તિએ ભાગવતનો મુખ્ય વિષય છે.નિષ્કામ ભક્તિ શ્રેષ્ઠ છે.ગોપી ઓનો શ્રીકૃષ્ણ પ્રત્યેનો પ્રેમએ નિષ્કામ ભક્તિનું ઉદાહરણ છે. ગોપીઓને મુક્તિની પડણ ઈચ્છા ન હતી.શ્રીકૃષ્ણનું સુખ એ જ મારું સુખ એવો પ્રેમનો આદર્શ ગોપીઓ નો હતો.એક સખીએ ઉદ્ધવને સંદેશો આપ્યો છે કે,શ્રી કૃષ્ણ વિયોગમાં અમારી દશા કેવી છે તે તો તમે જોયું છે. હવે મથુરા ગયા પછી શ્રીકૃષ્ણને કહેજો કે, આપ મથુરામાં આનંદમાં બિરાજતા હો તો અમારા સુખ માટે વ્રજમાં આવવાનો પરિશ્રમ કરશો નહીં. અમારો પ્રેમ જાતે સુખી થવા માટે નહીં,પરંતુ શ્રી કૃષ્ણને સુખી કરવા માટે છે.શ્રીકૃષ્ણના વિયોગમાં અમે દુઃખી છીએ,વિલાપ કરીએ છીએ, પરંતુ અમારા વિના જો મથુરામાં સુખી હોય તો ભલે ત્યાં જ સુખી રહે.અમારા સુખ માટે તેમણે અહીં આવવાની જરૂર નથી પરંતુ જો તેમને પોતાના સુખ માટે અત્રે આવવું હોય તો ભલે આવે !

વાચક ચાહક મિત્રો,૨૦૨૩નું વર્ષ અંતિમ તબક્કામાં ચાલી રહયું છે. થર્ટી ફર્સ્ટની અનોખી ઘેલસા કયાં.. ઉજવણીમાં ખોટા દેખાડ કરી પાછલી પેઢીને વ્યસનોના રવાડે ચડાવતાએ હ્રદય મન ખરેખર દંડને પાત્ર જ છે. સમાજ પરિવારમાં સારી સાચી ડગર ચીતરો કંડરો જે હંમેશાં પ્રેરણા રૂપ બની રહે.. થર્ટી ફર્સ્ટ વ્યસન નહી અનોખી ભાતથી ઉજવો ખુશ રહો.

# ઐશ્વર્યા સહિત પરિવારના સભ્યોએ આરાધ્યાની એક્ટિંગના વખાણ કર્યા

## અભિષેક બચ્ચન પેસેન્જર સીટ પર છે, વીડિયોમાં ઐશ્વર્યા તેની પુત્રી આરાધ્યાને પ્રેમથી કિસ કરતી જોવા મળી રહી છે





આજકાલ બોલીવુડમાં અને સિનેમા પ્રેમીઓમાં ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચનનાં છૂટાછેડાની અટકળોએ જોર પકડયું છે. એવા પણ સમાચાર સામે આવ્યા છે કે ઐશ્વર્યા હવે બચ્ચન પરિવાર સાથે રહેતી નથી અને ઘરની બહાર નીકળી ગઈ છે. પરંતુ આ દરમિયાન તેમની દીકરી આરાધ્યા પણ ચર્ચામાં છે. આરાધ્યા બચ્ચન હિન્દી સિનેમાના મોટા સ્ટાર્સ ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચનની પુત્રી છે. તેથી અભિનય તેના સ્વભાવમાં છે. તેણે સ્કૂલ નાટકમાં શાનદાર પરફોર્મન્સ આપ્યું હતું. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

ઐશ્વર્યા રાય સહિત પરિવારના તમામ સભ્યોએ આરાધ્યાની એક્ટિંગના ભરપેટ વખાણ કર્યા હતા. વાયરલ થયેલા વીડિયોમાં ઐશ્વર્યા અને અભિષેક એક સ્કૂલ ઈવેન્ટમાંથી બહાર આવતા જોવા મળી રહ્યા છે. તે બંને પોતાની પુત્રી સાથે કારમાં ઘરે જતા જોઈ શકાય છે. જોકે ઐશ્વર્યા અને આરાધ્યા કારની પાછળની સીટ પર બેઠા છે. જ્યારે અભિષેક બચ્ચન પેસેન્જર સીટ પર છે. વીડિયોમાં ઐશ્વર્યા તેની પુત્રી આરાધ્યાને પ્રેમથી કિસ કરતી જોવા મળી રહી છે. આરાધ્યા બચ્ચનના પર્ફોર્મન્સનો એક વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે સ્કૂલ ફંક્શનમાં એક નાટકમાં શાનદાર રીતે ડાયલોગ્સ બોલતી જોઈ શકાય છે. ઐશ્વર્યા અને અભિષેક ઉપરાંત તેના દાદા અમિતાભ બચ્ચને પણ સ્ટાર કિડનું મનોબળ વધારવા માટે આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. તેમણે પોતાના બ્લોગમાં લખ્યું છે કે, 'હું જલ્દી જ તમારી પાસે પાછો આવીશ. હું આરાધ્યાની સ્કૂલના કોન્સર્ટમાં વ્યસ્ત છું. તે અમારા માટે ખૂબ જ ગર્વની ક્ષણ હતી. પુત્રી સ્ટેજ પર એકદમ સહજ લાગતી હતી તે હવે બાળક નથી. બચ્ચન પરિવાર ગયા અઠવાડિયે અગસ્ત્ય નંદાની ડેબ્યૂ ફિલ્મ 'ધ આર્ચીઝ'ના સ્ક્રિનિંગમાં એકત્ર થયો હતો. ઐશ્વર્યા રાય તેના ભાણીયાની ફિલ્મના વખાણ કરતી જોવા મળી હતી. તેણે ફિલ્મને શાનદાર ગણાવી હતી અને સમગ્ર ટીમને શુભેચ્છા પાઠવી હતી.

# અભિનેત્રી ઐશ્વર્યાની કુલ સંપત્તિ ૭૭૬ કરોડ રૂપિયા છે

## ઐશ્વર્યા વર્ષોથી પોતાની સુંદરતા, એક્ટિંગ અને ડાન્સથી લોકોના દિલ જીતી રહી છે, તેણે હિન્દી સિનેમાની ઘણી હિટ ફિલ્મોમાં કામ કર્યું છે



ઐશ્વર્યા રાયને કોઈ ઓળખની જરૂર નથી. તે છેલ્લા કેટલાક દિવસોથી અભિષેક બચ્ચન સાથે છૂટાછેડાની અફવાઓને કારણે ચર્ચામાં છે. પોતાની સુંદરતાની સાથે તેણે પોતાની એક્ટિંગથી લોકોને દિવાના બનાવ્યા છે, જો કે જ્યારથી અભિષેક બચ્ચન સાથે તેના બ્રેકઅપની અફવાઓ ફેલાઈ છે ત્યારથી એક્ટ્રેસના ફેન્સ નિરાશ છે. લોકો એ જાણવા માગે છે કે જો તેઓ અલગ થઈ જાય તો ઐશ્વર્યા રાયને કેટલું ભરણપોષણ મળશે, જ્યારે તેની નેટવર્થ ઘણા સ્ટાર એક્ટર્સ કરતાં ઘણી વધુ છે.

ઐશ્વર્યા વર્ષોથી પોતાની સુંદરતા, એક્ટિંગ અને ડાન્સથી લોકોના દિલ જીતી રહી છે. તેણે હિન્દી સિનેમાની ઘણી હિટ ફિલ્મોમાં કામ કર્યું છે. આ સિવાય તેણે તેલુગુ અને તમિલ ભાષાની ફિલ્મોમાં પણ પોતાનો જલવો બતાવ્યો છે. ઐશ્વર્યાની પ્રોપર્ટીની વાત કરીએ તો તેની અંદાજિત કુલ સંપત્તિ ૭૭૬ કરોડ રૂપિયા છે. જો રિપોર્ટ્સનું માનીએ તો તે ભારતની સૌથી ધનિક એક્ટ્રેસિસમાંની એક છે. તે એક ફિલ્મ માટે ૧૦ થી ૧૨ કરોડ રૂપિયા લે છે. તે કોઈ પણ પ્રોડક્ટની જાહેરાત માટે રોજના ૬-૭ કરોડ રૂપિયા ચાર્જ કરે છે. ઐશ્વર્યા વર્ષોથી દેશ-વિદેશમાં ઘણી બ્રાન્ડને એન્ડોર્સ કરી રહી છે. ઈકોનોમિક્સ ટાઈમ્સના રિપોર્ટ મુજબ તેણે 'પોસિબલ' નામની કંપનીમાં પણ રોકાણ કર્યું છે. તેણે આ કંપનીમાં ૫ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. અગાઉ, તેણે બેંગલુરુ સ્ટાર્ટઅપ 'છદ્મહે'માં ૧ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું. અમિતાભ બચ્ચનની કેટલીક કંપનીઓમાં ઐશ્વર્યા રાયની પણ પાર્ટનરશિપ છે. જો તેની ફિલ્મોની વાત કરીએ તો તે છેલ્લે તમિલ ફિલ્મ 'પોન્નિયન સેલ્વન'માં જોવા મળી હતી. આ ફિલ્મમાં તેણે નંદિનીની ભૂમિકા ભજવી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, એક્ટ્રેસે આ ફિલ્મ માટે ૧૦ કરોડ રૂપિયા ચાર્જ કર્યા હતા.

# છુટાછેડા થાય તો અભિષેકે ઐશ્વર્યાને દર મહિને ૪૫ લાખ આપવા પડશે

## અભિષેક બચ્ચનની કુલ સંપત્તિ લગભગ ૨૮૦ કરોડ રૂપિયા છે, એક્ટર દર મહિના લગભગ ૧.૮ કરોડ રૂપિયા કમાય છે

અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય હાલમાં એક સાથે નજરે પડ્યા હતા. પણ ફેન્સ તેમની વચ્ચેના ખટરાગને જાણી ગયા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર, જોઈએ તો, બંને સ્ટાર્સની દીકરી આરાધ્યાની સ્કૂલના ફંક્શનમાં પહોંચ્યા હતા, પણ અલગ અલગ. બસ અહીંથી લોકોને લાગતું હતું કે, અમિતાભ બચ્ચન અને જયા બચ્ચનની વહુ અને દીકરાના સંબંધમાં કંઈક તો ગરબડ છે. સોશિયલ મીડિયા પર લોકો તેમના છુટાછેડાની વાતો કરી રહ્યા છે. અફવાઓ છે કે, બોલીવુડ એક્ટર અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય અલગ થવા જઈ રહ્યા છે. બંનેના છુટાછેડાના સમાચાર વાયરલ થઈ રહ્યા છે. હાલમાં મેગાસ્ટારના એકમાત્ર પુત્ર અભિષેક બચ્ચનની સંપત્તિની જાણકારી વાયરલ થઈ રહી છે. જો બંને વચ્ચે છુટાછેડા થાય તો ઐશ્વર્યા રાયને કેટલી એલિમની મળશે. અભિષેક બચ્ચન ઈંડસ્ટ્રીના ખ્યાતનામ એક્ટર્સમાંથી એક છે. તે ૬૮થી વધારે ફિલ્મો કરી ચુક્યો છે. જેમાંથી ૩૮ ફ્લોપ થઈ છે તો અમુક બ્લોકબસ્ટર અને અમુક હિટ રહી છે. જૂનિયર બીએ બોલીવુડમાં પોતાનું ડેબ્યૂ રિફ્યૂજી ફિલ્મથી કર્યું હતું, જે ૨૦૦૦માં રિલિઝી થઈ હતી. આ ફિલ્મ માટે અભિષેકને બેસ્ટ મેલ ડેબ્યૂનો ફિલ્મફેર એવોર્ડ પણ મળ્યો હતો. શું આપને ખબર છે કે, અભિષેક કેટલી સંપત્તિનો માલિક છે. જો છુટાછેડા થાય તો આ મામલામાં અભિષેકે ઐશ્વર્યાને કેટલું વળતર આપવું પડશે? મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અભિષેક બચ્ચનની કુલ સંપત્તિ લગભગ ૨૮૦ કરોડ રૂપિયા છે. એક્ટર દર મહિના લગભગ ૧.૮ કરોડ રૂપિયા કમાય છે. તેની વાર્ષિક આવકની વાત કરીએ તો, તે લગભગ ૨૫ કરોડ રૂપિયા છે. તેમની પ્રોપર્ટી વેલ્યૂ લગભગ ૭૫ કરોડ રૂપિયા છે અને બાકીની સંપત્તિની વેલ્યૂ લગભગ ૬૦ કરોડ રૂપિયા છે. ત્યારે આવા સમયે દાવો કરવામાં આવે છે કે, ૨૫ ટકાના હિસાબે જોઈએ તો, તેને ઐશ્વર્યાને દર મહિને ૪૫ લાખ રૂપિયા આપવા પડશે. અભિષેક બચ્ચન ભારતીય સિનેમાની એક પ્રમુખ હસ્તી છે. તે સિનેમા અને ઉદ્યોગના ક્ષેત્રમાં એક પ્રસિદ્ધ વ્યક્તિ છે. આ જ કારણ છે કે, તે કેટલીય બ્રાંડ્સના એંબેસડર છે. ૫ ફેબ્રુઆરી ૧૯૭૬ના રોજ જન્મેલા દાદા હરિવંશ રાય બચ્ચન એક કવિ હતા અને દાદી તેજી બચ્ચન એક સામાજિક કાર્યકર્તા હતા. અભિષેકની માતા જયા બચ્ચન અને પિતા અમિતાભ બચ્ચન બંને બોલીવુડના સ્ટાર્સ છે. અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાયના લગ્ન ૨૦ એપ્રિલ ૨૦૦૭ના રોજ થયા હતા. બંનેના લગ્નને ૧૬ વર્ષ થઈ ચુક્યા છે. વર્ષ ૨૦૧૧માં ઐશ્વર્યાએ આરાધ્યાને જન્મ આપ્યો હતો. બની શકે છે કે દરેક પરિવારની માફક બચ્ચન પરિવારમાં પણ સંબંધોને લઈને ઉતાર-ચડાવ આવ્યા હોય, પણ આ મામલા પર હજુ સુધી બચ્ચન પરિવાર અથવા ઐશ્વર્યા તરફથી કોઈ નિવેદન આવ્યું નથી. સોશિયલ મીડિયા પર આવી ચર્ચાઓથી અફવાઓની બજાર ગરમ છે. પણ આ કપલ હાલમાં તો એક સાથે જોવા મળ્યું છે.

# સાડીમાં નેહાની હોટ અદાઓ જોઇને ફેન્સ ફિદા થઇ ગયા

## તસવીરોમાં તમે જોઇ શકો છો કે નેહા સિંહે વાળ ખુલ્લા રાખ્યા છે, ખુલ્લા વાળ નેહા સિંહની હોટ અદાઓમાં ઉમેરો કરે છે





એક્ટ્રેસ નેહા સિંહ સોશિયલ મિડીયામાં ખૂબ એક્ટિવ રહે છે. નેહા સિહં પોતાના ફેન્સ માટે બોલ્ડ તસવીરો અને વિડીયો શેર કરતી રહેતી હોય છે. જો કે હાલમાં નેહા સિંહની કેટલીક તસવીરો ખૂબ વાયરલ થઇ રહી છે. આ તસવીરોમાં નેહા સિંહે સાડી પહેરી છે. નેહા સિંહની આ તસવીરો સોશિયલ મિડીયામાં છવાઇ ગઇ છે. નેહા સિંહે આ તસવીરોમાં પીળી સાડી પહેરી છે. નેહાએ સાડીમાં કર્વી ફિગર ફ્લોન્ટ કરી છે. સાડીમાં નેહાની હોટ અદાઓ જોઇને ફેન્સ ફિદા થઇ ગયા છે. નેહા સિંહ આ તસવીરોમાં વરસાદમાં ન્હાતી જોવા મળી રહી છે. આ તસવીરોએ હાલમાં ફેન્સનું દિલ જીતી લીધુ છે. આ તસવીરોમાં તમે જોઇ શકો છો કે નેહા સિંહે વાળ ખુલ્લા રાખ્યા છે. ખુલ્લા વાળ નેહા સિંહની હોટ અદાઓમાં ઉમેરો કરે છે. નેહા સિંહની ફિગર લોકો જોતા રહી જાય છે એવું છે. જો કે આ ફિગર જોઇને ફેન્સ લટ્ટુ થઇ ગયા છે એમ કહીએ તો પણ એમાં કંઇ ખોટુ નથી. આ વાયરલ તસવીરોમાં નેહા સિંહે બોલ્ડનેસની બધી હદો પાર કરી દીધી છે. નેહા સિંહની આ તસવીરો પર લોકો જાતજાતની કોમેન્ટ્સ કરી રહ્યા છે. આ તસવીરોમાં કાતિલ અદાઓથી ફેન્સને ઘાયલ કરી રહી છે. આ બોલ્ડ અદાઓ ફેન્સનું ધ્યાન ખેંચી રહ્યા હોય એવું લાગે છે. આ વાયરલ તસવીરોમાં નેહા સિંહે બોલ્ડનેસની બધી હદો પાર કરી દીધી છે. નેહા સિંહની આ તસવીરો પર લોકો જાતજાતની કોમેન્ટ્સ કરી રહ્યા છે. આ તસવીરોમાં કાતિલ અદાઓથી ફેન્સને ઘાયલ કરી રહી છે. આ બોલ્ડ અદાઓ ફેન્સનું ધ્યાન ખેંચી રહ્યા હોય એવું લાગે છે. નેહા સિંહે યલો સાડી સાથે યલો કલરનો હટકે બ્લાઉઝ મેચ કર્યો છે. બ્લાઉઝ નેહા સિંહની હોટનેસ વધારવાનું કામ કરે છે. નેહાએ હાથમાં તેમજ ગળામાં કોઇ પણ જાતની જ્વેલરી પહેરી નથી. સાડીનો છેડો પણ નેહાએ કંઇક અલગ રીતે નાખીને હોટ અદાઓ બતાવી છે. નેહાની પાતળી કમર જોઇને તમે પણ વિચારમાં પડી જશો. આમ વાત કરવામાં આવે તો આ ઈન્ડસ્ટ્રીમાં એક પછી એક સેલેબ્સ પોતે ફેમસ થવા માટે બોલ્ડ તસવીરો તેમજ વિડીયો ફેન્સ માટે શેર કરતા હોય છે. આ બોલ્ડ તસવીરો ઈન્ટરનેટ પર ધડાધડ વાયરલ થતી હોય છે. આ બોલ્ડ તસવીરોને ફેન્સનો પણ એટલો પ્રેમ મળતો હોય છે. જો કે ઘણી બધી એક્ટ્રેસ એવી છે જે પોતાની હોટ અદાઓથી હંમેશા ફેન્સને ઘાયલ કરી દેતી હોય છે.

# સ્ટાર બનેલી ફાલ્ગુની પાઠકની એક જીદે બરબાદ કરી નાંખ્યુ કરિયર



આજે ફાલ્ગુની પાઠક ભલે નવરાત્રિ અને દાંડિયાના સ્પેશિયલ ગીતો ગાવા પુરતી જ સીમિત રહી હોય, પરંતુ એક સમય હતો જ્યારે લોકો તેના અવાજના દિવાના હતા. ૧૯૯૮ થી ૨૦૦૨ સુધી તેના ગીતો લોકોના હોઠ પર હતા. તે એટલી પોપ્યુલપ થઈ ગઈ હતી કે લોકો તેના નવા ગીતોની રાહ જોતા હતા. ફાલ્ગુનીનું કરિયર અચાનક પતન તરફ જવા લાગ્યું જ્યારે તેણે પોતાની શરતો પર કામ કરવાનું નક્કી કર્યું. હકીકતમાં, જ્યારે ફાલ્ગુનીનું પહેલું મ્યુઝિક આલ્બમ 'યાદ પિયા કી આને લગી' ૧૯૯૮માં આવ્યું ત્યારે આ આલ્બમે લોકોમાં ધૂમ મચાવી દીધી હતી. તેના પ્રથમ આલ્બમથી તેને મળેલી જબરદસ્ત સફળતાએ ફાલ્ગુનીની હિંમત વધારી અને પછીના જ વર્ષે ૧૯૯૯માં તેણે તેનું બીજું આલ્બમ બહાર પાડ્યું, જેનું નામ હતું 'મૈંને પાયલ હૈ છનકાઈ. ફાલ્ગુનીનું બીજું આલ્બમ પણ ખૂબ ચાલ્યું. આ રીતે તેણે પોતાના આલ્બમથી દુનિયાભરમાં પોતાની જબરદસ્ત ઓળખ બનાવવાનું શરૂ કર્યું અને તે સમયગાળા દરમિયાન ફાલ્ગુનીના ગીતો લગ્નથી લઈને કોઈપણ પ્રકારની પાર્ટી સુધી દરેક જગ્યાએ વાગતા સાંભળવા મળ્યા, પરંતુ આ દરમિયાન તેણે એક ભૂલ કરી અને અચાનક તેનું કરિયર ડૂબવા લાગ્યું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જ્યારથી તેનું પહેલું આલ્બમ હિટ થયું ત્યારથી ઘણા મ્યુઝિક ડાયરેક્ટર્સ તેને ફિલ્મોમાં ગાવાની ઑફર લાવતા હતા, પરંતુ ફાલ્ગુનીએ તે બધી ઑફર્સ ઠુકરાવી દીધી હતી. ફાલ્ગુનીની આ એક જીદને કારણે તેના કરિયરને ઘણું નુકસાન થયું. ખરેખર, તે ફિલ્મોમાં ગાવા માંગતી ન હતી, જો કે, એક ઈન્ટરવ્યુમાં, જ્યારે ફાલ્ગુનીને પૂછવામાં આવ્યું કે તે વર્ષોથી લો પ્રોફાઈલ સાથે કેમ રાખે છે, ત્યારે તેણે કહ્યું હતું કે, 'આ મારો સ્વભાવ છે. હું આખું વર્ષ શો કરું છું, પણ હું એટલી મીડિયા-સેવી નથી.

# બિગબોસ સ્ટાર સ્પર્ધક સિદ્ધાર્થની ફી ૬ મહિનામાં ૧૨૨% વધી

## સિદ્ધાર્થ શુક્લા એક એવો સ્ટાર હતો, જેની લોકપ્રિયતા કૂદકે ને ભૂસકે વધી હતી, તેણે ૨૦૦૮માં ટીવીથી કરિયરની શરૂઆત કરી હતી



જો સિદ્ધાર્થ શુક્લા આજે આપણી વચ્ચે હોત તો તેઓ ૪૨ વર્ષના થયા હોત. તેણે 'બિગ બોસ ૧૩'થી એટલી લોકપ્રિયતા હાંસલ કરી હતી, જે એક ફિલ્મ સ્ટારને પણ ઘણી મુશ્કેલીથી મળે છે. તેનું સ્ટારડમ બોલિવૂડના ઘણા સ્ટાર્સ કરતા વધુ મોટું થઈ ગયું હતું, જે 'બિગ બોસ'ના નિર્માતાઓને ત્યારે જ ખબર હતી જ્યારે તે શોમાં સ્પર્ધક તરીકે દર્શકોને મોહિત કરી રહ્યો હતો. સિદ્ધાર્થ શુક્લા એક એવો સ્ટાર હતો, જેની લોકપ્રિયતા કૂદકે ને ભૂસકે વધી હતી. તેણે ૨૦૦૮માં ટીવીથી કરિયરની શરૂઆત કરી હતી. જ્યારે તે બિગ બોસ ૧૩ સાથે રાતોરાત સ્ટાર બન્યો હતો. ત્યારે તેણે શોના દરેક એપિસોડ માટે ૯ લાખ રૂપિયા ચાર્જ કર્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ શો જીતવા બદલ તેને ૪૦ લાખ રૂપિયા મળ્યા હતા. આ સિવાય તેના શોની ફી ૧.૮થી ૨ કરોડ રૂપિયા હતી. સિદ્ધાર્થ શુક્લાની લોકપ્રિયતા જોઈને તેને બિગ બોસની આગામી સિઝનમાં બોલાવવામાં આવ્યો હતો. આ સિઝન પાછલી સિઝનના ૬ મહિના પછી શરૂ થયો હતો. તમે તેના પર વિશ્વાસ નહીં કરો, પરંતુ છ મહિનામાં સિદ્ધાર્થ શુક્લાનું સ્ટારડમ એટલું વધી ગયું હતું કે તેણે 'બિગ બોસ ૧૪'માં મેન્ટર બનવા માટે દર અઠવાડિયે ૨૦ લાખ રૂપિયા ચાર્જ કર્યા હતા, જે 'બિગ બોસ ૧૩' માટે તેની ફીની તુલનામાં ૧૨૨% વધુ છે. સિદ્ધાર્થ શુક્લાનું સ્ટારડમ ઘણા મોટા ફિલ્મ સ્ટાર્સ સાથે સ્પર્ધા કરી રહ્યું હતું. જો કે, તેણે તેને હાંસલ કરવા માટે ઘણી મહેનત કરી હતી. લોકપ્રિય શો 'બાલિકા વધૂ'માં તેની મુખ્ય ભૂમિકા માટે તે ઘર-ઘરમાં જાણીતો બન્યો હતો. શોમાં તેમની આદર્શ પુરુષની છબી બધાને પસંદ આવી. આ શો માટે આભાર, તેને 'ઝલક દિખલા જા'નો ભાગ બનવાનો મોકો મળ્યો. તેણે ફરીથી ફિલ્મોમાં હાથ અજમાવ્યો હતો. સિદ્ધાર્થે આલિયા ભટ્ટ અને વરુણ ધવન સ્ટારર ફિલ્મ 'હમ્પ્ટી શર્મા કી દુલ્હનિયા'થી ડેબ્યૂ કર્યું હતું. એક ઈન્ટરવ્યુમાં વરુણે કબૂલ્યું હતું કે, સિદ્ધાર્થ લોકોમાં મોટો સ્ટાર હતો. લોકો તેનો ઓટોગ્રાફ અને ફોટો મેળવવા માટે તલપાપડ થતા હતા. સિદ્ધાર્થે ભજવેલું 'શિવ' પાત્ર ખૂબ જ લોકપ્રિય હતું. તે કલર્સ ટીવીનો ચહેરો બન્યો. તેણે 'દિલ સે દિલ તક' નામના શોમાં કામ કર્યું હતું, જેની વાર્તા સલમાન ખાનની ફિલ્મ 'ચોરી ચોરી ચૂપકે ચુપકે'થી પ્રેરિત હતી. આ શો પછી તે 'બિગ બોસ ૧૩'માં જોવા મળ્યો હતો. આ શોએ તેને રાતોરાત ટીવી જગતનો સૌથી મોટો સ્ટાર બનાવી દીધો હતો.

# ઝાલોદ નગરમાં સુંદરકાંડ સ્પર્ધાના ભવ્ય આયોજનને લઈ નગરમાં જોવાતો અનેરો ઉત્સાહ

## સોશિયલ મીડિયા, ડોર ટુ ડોર પ્રચાર તેમજ નગરના સહુ સનાતન હિન્દુ સંગઠનો દ્વારા કરાતો બહોળો પ્રચાર





। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૮ ।

ઝાલોદ નગરમાં આગામી તારીખ ૨૪-૧૨-૨૦૨૩ રવિવારના રોજ આંતર રાજ્ય તૃતીય ભવ્ય સંગીતમય સુંદરકાંડ પઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવનાર છે. આ ધાર્મિક આયોજનને નગરના સહુ સનાતન હિન્દુ ધાર્મિક સંગઠનો દ્વારા બહોળો પ્રચાર પ્રસાર કરવામાં આવી રહેલ છે. આ સુંદરકાંડ સ્પર્ધાના આયોજનને આખરી ઓપ આપવા નગરના તમામ હિન્દુ સંગઠનોની એક મીટિંગ વણકતળાઈ હનુમાનજી મંદિર ખાતે રાખવામાં આવી હતી. આ મીટીંગમાં તમામ હિન્દુ સંગઠનના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તમામ ઉપસ્થિત લોકો દ્વારા કામોમાં સંપૂર્ણ સહકાર સાથે એક જૂટ રહી ધાર્મિક કાર્યક્રમ સફળ બનાવવા બાંહેધરી આપવામાં આવી હતી.

ઝાલોદ નગરમાં આ અગાઉ પણ બે વખત સુંદરકાંડ સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવેલ છે તેની ભવ્ય સફળતા અને સુંદર આયોજનને લઈ નગરજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહેલ છે. નગરમાં આ સુંદરકાંડ સ્પર્ધાનું આયોજન નગરની વચ્ચે આવેલ બી.એમ. હાઈસ્કૂલના પ્રાંગણમાં કરવામાં આવી રહેલ છે.

આ વખતે સુંદરકાંડ સ્પર્ધાનુ આયોજન અયોધ્યામાં રામમંદિરના થતા ભવ્ય નિર્માણને લઈ નગરજનોમાં ધાર્મિક વાતાવરણ ઉભું કરવા તેમજ નગરમાં સુંદરકાંડ સ્પર્ધા પછી પણ સતત રામમંદિરના આયોજને સફળ બનાવવા લોકોને જાગૃતિ કરવાનું છે. તારીખ ૨૪-૧૨-૨૦૨૩ રવિવારના રોજ સુંદરકાંડ સ્પર્ધાના આયોજને સફળ બનાવવા સનાતન હિન્દુ સંગઠનો દ્વારા સવારે અગ્યાર વાગ્યે હિન્દુ ધર્મ પતાકા સાથે બાઈક રેલી, સાંજે ચાર વાગ્યે વણકતળાઈ હનુમાનજી મંદિરથી જ્યોત રેલી, સાંજે ૬ વાગ્યે વિશ્વકર્માં મંદિરે થી સંત રેલી અને રાત્રીના આઠ વાગ્યે નિશ્ચિત સમયે સુંદરકાંડ સ્પર્ધાની શરૂઆત સંતો દ્વારા મંત્રોચ્ચાર કરી, દિપ પ્રજ્વલિત કરી કરવામાં આવનાર છે.

આ સુંદરકાંડ સ્પર્ધામાં વિશેષ આકર્ષણ માટે આગ્નાની પ્રખ્યાત પપ્પન એન્ડ પાર્ટી દ્વારા ઝાંખી પ્રસ્તુતિ કરવામાં આવનાર છે. આ ઝાંખીમાં બાહુબલી હનુમાન, રામ દરબાર, શિવ તાંડવ, રાધે કૃષ્ણ , ખાટું શ્યામજી, કાલકા માતાની પ્રસ્તુતિ ભજન સાથે કરવામાં આવનાર છે તેમજ એક વાનર સેના સતત પ્રાંગણમાં ફરી સહુનું હનુમાન ભક્તિ માં તરબોળ કરનાર છે. આ સમગ્ર અને વિશેષ આયોજનનું લાઈવ પ્રસારણ પણ યૂટ્યૂબના લિંક માધ્યમ થી કરવામાં આવનાર છે. જેથી તેનો લાભ નગરની બહાર રહેતા લોકો પણ નગરના સુંદર આયોજનનો લાભ લઈ શકે. આ આયોજનને સફળ બનાવવા તેમજ આ સુંદર આયોજનને જોવા નગરજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહેલ છે. સમગ્ર નગર ધાર્મિક હિંડોળે ઝૂલતું નજર આવી રહ્યું છે તથા અનેક સુંદરકાંડ મંડળ રાજસ્થાન તથા ગુજરાતના મંડળો પણ આ સુંદર સરજ મઝાના સુંદર કાંડ પ્રતિયોગિતાનો આનંદ લેવા આવવાના છે.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું ભવ્ય સ્વાગત કરતા બારડોલીનાં અસ્તાન ગામના ગ્રામવાસીઓ



। સુરત, તા.૧૮ ।

કેન્દ્ર અને રાજ્ય સરકારની ફ્લેગશીપ યોજનાઓના લાભો ગામે ગામ સુધી પહોંચે તેવા આશયથી સુરતના બારડોલી તાલુકાના અસ્તાન ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આવી પહોંચ્યો હતો. જ્યાં ગ્રામજનો દ્વારા સંકલ્પ યાત્રાના રથનું ભવ્ય સ્વાગત કરાઈ વિકસિત ભારતની સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી.

જેમાં ધારાસભ્યશ્રી ઈશ્વરભાઈ પરમાર દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. તેમજ વિવિધ શાખાઓ દ્વારા કેન્દ્ર અને રાજય સરકારની પોષણ અભિયાન, કિસાન ક્રેડિટ કાર્ડ યોજના, વિશ્વકર્મા યોજના, આયુષ્યમાન કાર્ડ,જલ જીવન મિશન યોજના, અટલ પેન્શન યોજના, પ્રાકૃતિક ખેતી, પશુપાલન માટેની યોજનાઓ જેવી વિવિધ વિભાગોની યોજનાઓ વિષે વિસ્તૃત માહિતી પુરી પાડવામાં હતી. આ અવસરે મહાનુભવોના હસ્તે સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ પોષણ અભિયાન, પી.એમ.જે.વાય, સખી મંડળ, ખેતીવાડી વિભાગ, આરોગ્ય વિભાગના લાભાર્થીઓએ પોતાના અનુભવો જણાવ્યા હતા. આ પ્રસંગે માજી સુરત જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભાવેશભાઈ પટેલ, જિલ્લા આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી રોશનભાઈ પટેલ, શ્રી સુષ્માબેન વોરા, જોઈન્ટ કમિશ્નર GST શ્રી ડી. એમ. પારખીયા, આસી. કમિશ્નર,બારડોલી તાલુકા પંચાયત પ્રમુખશ્રી જમનાબેન રાઠોડ, બારડોલી તાલુકા પંચાયત સભ્યશ્રી અંબાબેન રાઠોડ, સરપંચશ્રી સરસ્વતીબેન રાઠોડ,ગામના તલાટી-કમ-મંત્રીશ્રી,આરોગ્યનો સ્ટાફ, મુખ્ય સેવિકા શ્રીમતિ પ્રવિણાબેન ચૌહાણ,આંગણવાડી વર્કર, તેડાગર અને અન્ય વિભાગ ના અધિકારી સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ મંડળના ૬ રેલવે કર્મચારીઓનું મંડળ રેલ પ્રબંધક દ્વારા સમ્માન કરવામાં આવ્યું



। અમદાવાદ, તા.૧૮ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્મા દ્વારા અમદાવાદ મંડળ ના ૬ રેલવે કર્મચારીઓને સુરક્ષિત ટ્રેન પરિચાલનમાં શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કર્યા હતા. આ રેલવે કર્મચારીઓને ફરજ દરમિયાન તેમની સતર્કતા અને તકેદારીના કારણે અનિચ્છનીય ઘટનાઓને રોકવામાં તેમના યોગદાન બદલ પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા.

વરિષ્ટ મંડળ સંરક્ષા અધિકારી શ્રી રાકેશ કુમાર ખરાડીએ માહિતી આપતાં જણાવ્યું કે, શ્રી મનોહર રામ પોઈન્ટ્સ મેન-મુન્દ્રાપોર્ટ, શ્રી દીપક કુમાર સિંહ ટ્રેન મેનેજર-ગાંધીધામ, શ્રી લવકેશ મીના ટ્રેન મેનેજર-ગાંધીધામ, શ્રી નિર્ભય કુમાર શર્મા સ્ટેશન માસ્ટર-ગોરઘુમા, શ્રી રાજેન્દ્ર પ્રસાદ સ્ટેશન માસ્ટર-જકસી અને શ્રી મંજૂર આલમ પોઈન્ટ્સ મેન-ચાંદલોડિયાનું પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. તમામ સમ્માનિત કર્મચારીઓએ રેલવે સંરક્ષા માં કોઈ ખામી જણાતાં તરત જ યોગ્ય પગલાં લઈને અણધારી ઘટનાઓ અને સંભવિત નુકસાનથી બચાવ્યા છે.

મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માએ આ સતર્ક રેલવે સંરક્ષા રક્ષકોને પ્રોત્સાહિત કર્યા અને જણાવ્યું હતું કે મુસાફરોની સલામતી અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને જ્યારે રેલવે કર્મચારીઓ તેમની ફરજ દરમિયાન સતર્કતા અને તકેદારી સાથે કામ કરે છે તેથી અમને સુરક્ષિત ટ્રેનના કામમાં મદદ મળે છે. અમને આ રેલવે કર્મચારીઓ પર ગર્વ છે.

# “બેટી બચાવો, બેટી પઢાવો” કાર્યક્રમ અંતર્ગત આહવા માધ્યમિક શાળામા સેમિનાર યોજાયો

। ડાંગ, તા.૧૮ ।

ડાંગ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી, આહવા તથા દહેજ પ્રતિબંધક અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ આહવા ખાતે આવેલ સરકારી માધ્યમિક શાળામા ‘‘બેટી બચાવો, બેટી પઢાવો’’ થીમ ઉપર જાગૃતિ સેમીનારનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ સેમિનારમા મહિલા અને બાળ અધિકારીની કચેરીની DHEWની ટીમના શ્રીમતી મર્યમબેન ગામિત દ્વારા વિધ્યાર્થીનીઓને ગુડ ટચ, બેડ ટચ વિશે માહિતી આપી હતી. સખી વન સ્ટોપ સેન્ટરના શ્રીમતી સંગીતાબેન દ્વારા કચેરીની મહિલાલક્ષી કામગીરી તેમજ સંસ્થાકીય કામગીરીથી બાળકીઓને વાકેફ કરવામાં આવી હતી.

૧૮૧ મહિલા હેલ્પલાઈન કાઉન્સેલર દ્વારા ટીમની કામગીરી વિષે માહિતી આપી હતી. તેમજ સમાજના દરેક વર્ગ સુધી માહિતી પહોચાડી જિલ્લાની દરેક મહિલાઓને અભયમ ટીમનો લાભ લેવા માટે અનુરોધ કર્યો હતો.

પ્રોબેશન ઓફિસર શ્રી નિકોલસભાઈ દ્વારા પોસ્કો એક્ટ વિશેની માહિતી આપ વામા આવી હતી.

# સ્વાસ્થ્ય અને સલામતીના ભાગરૂપે રાજ્યમાં ૨ લાખથી વધુ શિક્ષકોએ લીધી કાર્ડિયો પલ્મનરી રિસસિટેશન-CPR તાલીમ

## ડાંગના ૨ હજારથી વધુ શિક્ષકોએ કાર્ડિયો પલ્મનરી રિસસિટેશન-CPR તાલીમ અપાઈ

। ડાંગ, તા.૧૮ ।

સ્વાસ્થ્ય અને સલામતીના ભાગરૂપે આજરોજ રાજયભરમા ૨ લાખથી વધુ શિક્ષકોને કાર્ડિયો પલ્મનરી રિસસિટેશન-CPR તાલીમ આપ વામાં આવી રહી છે, ત્યારે ડાંગ જિલ્લામાં પણ ૨ હજારથી વધુ શિક્ષકોને આ તાલીમથી સુસજજ કરવામાં આવી રહ્યા છે, તેમ ગુજરાત વિધાનસભાના મુખ્ય નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલે આહવા ખાતે જણાવ્યું હતું. હાર્ટ એટેકની ધટનાઓની પરીસ્થિતીને ધ્યાને લેતા, કોઈ પણ આકસ્મિક સંજોગોમા અણબનાવની ધટના બને ત્યારે, કાર્ડિયો પલ્મનરી રિસસિટેશન-CPR તાલીમ ખુબ જ ઉપયોગી સાબીત થશે. બાળકોને શાળાઓમા અથવા ગામમા આવી ધટના બને ત્યારે તાલીમ મેળવેલા શિક્ષકો તાત્કાલિક તેને CPR આપી શકે છે, તેમ શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યુ હતુ. કાર્ડિયો પલ્મનરી રિસસિટેશન-CPRની તાલીમ કોઈપણ સામાન્ય વ્યક્તિ લઈ શકે છે. શિક્ષકો તાલીમ મેળવીને ગામના દરેક વ્યક્તિને આ તાલીમ વિશે જાણ કરે, તેમજ આકસ્મિત સંજોગોમા લોકોને આ તાલીમ ખુબ જ ઉપયોગી



નિવડશે તેમ શ્રી વિજયભાઈ પટેલે વધુમા જણાવ્યુ હતુ. આહવાની સરકારી માધ્યમિક શાળા ખાતે યોજાયેલ તાલીમમા સુરત સિવિલના એચ.ઓ.ડી. શ્રીમતી ડો.પારૂલ તેમજ તેમની ટીમ દ્વારા, ડાંગ જિલ્લાના પ્રાથમિક શાળાના ૧૭૦૦ થી વધુ તેમજ માધ્યમિક શાળાના ૩૫૦ થી વધુ શિક્ષકોને આ તાલીમ આપવામાં આવી હતી.

સામાન્ય રીતે હૃદયનો હૂમલો આવવાથી ૧૦૮ ને ત્વરીત બોલાવતા ૫ થી ૧૦ મિનિટનો સમય જતો હોય છે. તે ૫ થી ૧૦ મિનિટ દરમિયાન મગજ સુધી લોહી ના પહોંચે તો દર્દીનું મૃત્યુ થતુ હોય છે. આવુ ન થવા દેવા માટે આ CPR ટ્રેનીંગ અત્યંત મહત્વની છે, તેમ તજજ્ઞો ડોક્ટરો દ્વારા જણાવાયુ હતુ.

# સરદાર સાહેબને સમર્પિત વિશ્વની સૌથી વિરાટ પ્રતિમા દેશના નવયુવાનોમાં નવી ઊર્જાનું સિંચન કરશે - ગવર્નર શક્તિકાંત દાસ

## ભારતીય રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના ગવર્નર શ્રી શક્તિકાંત દાસે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત કરી સરદાર સાહેવબને ભાવાંજલી અર્પી

। નર્મદા, તા.૧૮ ।

ભારતીય રિઝર્વ બેક્ર ઓફ ઈન્ડિયાના ગવર્નર શ્રી શક્તિકાંત દાસ એ આજરોજ એકતાનગર સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટીના પરિસરમાંથી સરદાર સાહેબની વિશ્વની સૌથી વિરાટ પ્રતિમાને નિહાળીને ભવ્યતા અનુભવી હતી. ગવર્નરશ્રી દાસે સ્ટેચ્યુ ઓફ યુનિટીની ૪૫ માળની ઉંચાઈએ આવેલી વ્યુઈંગ ગેલેરી એટલે કે, સરદાર સાહેબના હદયસ્થાનેથી વિધ્યાંચલ-સાતપુડા ગિરીમાળાનું પ્રાકૃતિક સૌંદર્ય નિહાળ્યું હતું.

આંતરરાષ્ટ્રીય પ્રવાસનના કેન્દ્રબિંદુ તરીકે ઉપસેલા સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં પ્રદર્શન સહિત સરદાર સાહેબના જીવન કવનને વણી લેતી દસ્તાવેજી ફિલ્મ નિહાળ્યા બાદ નોંધપોથીમાં પોતાના પ્રતિભાવોમાં ગવર્નરશ્રી દાસે જણાવ્યું હતું કે, મને અહી આવવાની સુવર્ણ તક મળી, હું ભાગ્યશાળી છું, અખંડ ભારતના નિર્માતા સરદાર વલ્લભભાઈ પટેલને સમર્પિત વિશ્વની સરદાર સાહેબની સૌથી વિરાટ પ્રતિમા દેશના નવયુવાનોને પ્રેરિત અને એકત્રિત કરશે. યુવાનોમાં નવી ઊર્જા અને ઉત્સાહનું સિંચન કરશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત દરમિયાન ગાઈડશ્રીએ જુબીન ગમીરે ગવર્નરશ્રીને સ્ટેચ્યુ ઓફ યુનિટી નિર્માણ અને વિશેષતાની ઝીણવટભરી માહિતીથી વાકેફ કર્યા હતા. મુલાકાત



બાદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી અંકિત પન્નુ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન ઈક્યમન સત્તામંડળના અધિક કલેકટરશ્રી ગોપાલ બામણીયા તરફથી ગવર્નરશ્રીને સ્મૃતિરૂપે સરદાર સાહેબની પ્રતિકૃતિ અને કોફીટેબલ બુક અર્પણ કરાઈ હતી.

તદઉપરાંત ગવર્નશ્રી દાસે સરદાર સરોવર ડેમની મુલાકાત લીધી હતી. જ્યાં, તેઓશ્રીએ ઈન્ચાર્જ અધિક્ષક ઈજનેર શ્રી આર. એન. રાવલ પાસેથી ડેમ સાઈટની ઝીણવટપૂર્ણ માહિતી મેળવી હતી. આ પ્રસંગે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન ઈક્યમન સત્તામંડળના નાયબ કલેકટર સર્વશ્રી દર્શક વિઠલાણી, શ્રી શિવમ બારીયા અને નાયબ કલેકટર પ્રોટોકોલશ્રી એન.એફ.વસાવા, જનસંપર્ક અધિકારીશ્રી રાહુલ પટેલ સહિતના અધિકારીશ્રીઓ આરબીઆઈના ગવર્નર શ્રી શક્તિકાંત દાસની મુલાકાત વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.

# છોટાઉદેપુર સાંસદ ગીતાબેન રાઠવાની ઉપસ્થિતિમાં જેતપોર પહોંચી ‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’

। ડાંગ, તા.૧૮ ।

છોટાઉદેપુરના સાંસદ શ્રીમતી ગીતાબેન રાઠવાની વિશેષ ઉપસ્થિતિમાં ગરુડેશ્વર તાલુકાના જેતપોર (વઘરાલી) ના વણઝી મુકામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા પહોંચતા ગામની દીકરીઓએ સંકલ્પ રથના હરખભેર વધામણાં કર્યા હતા. આ પ્રસંગે સાંસદ શ્રીમતી રાઠવાએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ મહિલા, યુવાનો, ખેડૂતો અને ગરીબોના સર્વાંગી વિકાસને વિકસિત ભારતના ચાર આધારસ્તંભ ગણાવ્યા છે. ત્યારે સ્થાનિક ગ્રામજનો પણ સરકારી યોજનાનો લાભ લઈને વિકસિત, સશક્ત અને આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા પોતાની જવાબદારી અદા કરે તે ઈચ્છનીય છે. વધુમાં સાંસદ શ્રી ગીતાબેન રાઠવાએ મહિલા સશક્તિકરણ અને સરકારની વિવિધ બહુમૂલ્ય યોજનાઓનું મહત્વ સમજાવી લાભ લેવા અનુરોધ કર્યો હતો.

આ વેળાએ નાંદોદના ધારાસભ્ય શ્રીમતી ડૉ. દર્શનાબેન દેશમુખે પણ સરકારની બહુમૂલ્ય યોજનાઓ વિશે ગ્રામજનોને વિસ્તૃત જાણકારી આપી હતી. સરકારની કલ્યાણકારી યોજનાઓથી આદિવાસી સમુદાયના જીવનધોરણમાં સકારાત્મક બદલાવ લાવવા માટે વહિવટી તંત્ર, જિલ્લાના જનપ્રતિનિધિશ્રીઓની કામગીરીની પ્રસંશા કરી હતી.

આ કાર્યક્રમ દરમિયાન ગ્રામજનોએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું પ્રેરક ઉદ્‌બોધનમાં વર્ચ્યુઅલ માધ્યમથી નિહાળીને સરકારની પ્રત્યેક યોજનાનો લાભ લેવા સંકલ્પબદ્ધ થયા હતાં. ઉપરાંત, ગ્રામજનોએ સંકલ્પ રથના માધ્યમથી લોકકલ્યાણકારી યોજનાઓ, સરકારની સિદ્ધિઓ-કામગીરી અંગેની શોર્ટફિલ્મ નિહાળી હતી. વધુમાં સૌ ગ્રામજનોએ એકસાથે સામૂહિક પ્રતિજ્ઞા લઈને વિકસિત ભારતના નિર્માણમાં પોતાની સહભાગીદારી નોંધાવવા સંકલ્પબદ્ધ થયા હતા. આ પ્રસંગે ગામના સખીમંડળની બહેનોએ ‘ધરતી કરે પુકાર કે’ થીમ હેઠળ નુક્કડ નાટકની પ્રસ્તુતિ કરીને ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી અપનાવવાનો પ્રેરક સંદેશો આપ્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે ધ્યાન રાહત લાવશે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તમારા અનિશ્ચિત વર્તન છતાં જીવનસાથી સહકાર આપશે. આંખો કદી જૂઠું બોલતી નથી અને તમારા સાથીની આંખો તમને આજે કશું બહુ ખાસ કહી જશે. કામના સ્થળે આજે કોઈક વ્યક્તિ તમારી સાથે કંઈક સારૂં વર્તન કરશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. સાજા થવાનો એ સૌથી શ્રેષ્ઠ પ્રકાર છે. તેઓ અપાર ખુશીનું માધ્યમ છે. તમારા પ્રેમ પ્રકરણ વિશે જાહેરમાં ઢંઢેરો પીટતા નહીં.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે બ્લડ પ્રેશરના દરદીઓ લોહીનું દબાણ ઘટાડવા રેડ વાઈનની મદદ લઈ શકે છે અને કૉલેસ્ટ્રૉલનું પ્રમાણ નીચું રાખી શકે છે. આનાથી તેમને વધુ રાહત થશે. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. શાળામાં અભ્યાસમાં રસના અભાવે બાળકો કેટલીક નિરાશા સર્જશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે શરીરમાં કળતર તથા તાણને લગતી સમસ્યાઓની શક્યતા નકારી શકાય નહીં. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? ઘરમાં કોઈક વિધી અથવા મંગળ સંસ્કાર થવા જોઈએ. રૉમેન્ટિક મૂડમાં એકાએક પરિવર્તન તમને હતાશ કરશે. જમીનને લગતા મોટા સોદા પાર પાડવાની સ્થિતિમાં તમે હશો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. આજના તમારા વર્તનને કારણે તમારી સાથે રહેતી વ્યક્તિ તમારાથી અત્યંત નારાજ થશે. અન્યોની દખલ ઘર્ષણ પેદા કરશે. આજે તમને છૂપો શત્રુ મળશે તેને તમને ખોટા પાડવાનું ગમશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે આજે તમે ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિ સંભાળી લેશો આ માટે તમારી ઈચ્છાશક્તિને વળતર અપાશે. લાગણીશીલ નિર્ણય લેતી વખતે તમારે તમારા મગજ પરનો કાબૂ ગુમાવવો નહીં. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. તમારા જીવનમાં જેમનું સૌથી વધુ મહત્વ છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે ભૂતકાળના સાહસમાં સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. પ્રિયપાત્ર સાથે ઝઘડો કરાવે એવા મુદ્દાઓ ટાળવા તમારી માટે શ્રેષ્ઠ રહેશે. આજે કોઈક તમારા પ્રેમની વચ્ચે આવી શકે છે. નવું સાહસ લલચાવનારૂં તથા સારૂં વળતર આપનારૂં હશે. તમારા મનમાં જે હોય તે કહેતા ગભરાતા નહીં.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે ફિટનેસ તથા વૅટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો. પ્રેમ એ ઈશ્વરની પૂજા સમાન છે, તે ખૂબ ધાર્મિક તથા આધ્યાત્મિક બાબત પણ છે. આજે તમને એ બાબત સમજાશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? તમારા બાળકને તમારી અપેક્ષાઓ પ્રમાણે કામ કરવા માટે પ્રેરણા આપજો. પણ તે પ્રયાસ કરી રહ્યું છે ત્યારે કોઈ ચમત્કારની અપેક્ષા રાખશો નહીં.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે-પણ ધ્યાન રાખજો કેમ કે કઠોર અથવા અસંતુલિત શબ્દો તમારી આસપાસના લોકોને નાખુશ કરી શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### ઓસ્ટ્રેલિયાએ સ્કીલ્સ ઈન ડિમાન્ડ વિઝા શરૂ કર્યા

। નવી દિલ્હી, તા.૧૮ ।

ઓસ્ટ્રેલિયામાં હજારો જોબ એવી છે જેના માટે સ્કીલ્ડ લોકોની જરૂર છે, પરંતુ હાલમાં તેને કામ કરી શકે તેવા માણસો મળતા નથી. આ જગ્યાઓ ભરવા માટે ઓસ્ટ્રેલિયાએ Skills in Demand Visaની જાહેરાત કરી છે. આ એક નવા પ્રકારના વિઝા છે અને જુદી જુદી આવડત ધરાવતા લોકોને આ વિઝા આપવામાં આવશે. તેના દ્વારા ઓસ્ટ્રેલિયા દુનિયાભરમાંથી કામચલાઉ ધોરણે સ્કીલ્ડ લોકોને લાવશે અને દેશની ઉત્પાદકતામાં વધારો કરશે. ઓસ્ટ્રેલિયાના લેબર માર્કેટમાં ટેલેન્ટેડ લોકો આવે અને તેઓ દેશના વિકાસમાં હિસ્સો આપે તે માટે સ્કીલ્સ ઈન ડિમાન્ડ વિઝા શરૂ કરવામાં આવ્યા છે. ઓસ્ટ્રેલિયામાં હાઈ સ્કીલ કામ કરી શકે તેવા માઈગ્રન્ટને આ વિઝા માટે પસંદ કરવામાં આવશે. તેમાં ઓછામાં ઓછા ૧.૩૦ લાખ ઓસ્ટ્રેલિયન ડોલરની ગેરંટેડ વાર્ષિક આવકની જોગવાઈ હોવી જરૂરી છે. એટલે કે આ પ્રોફેશનમાં ઓસ્ટ્રેલિયનોને જે વેતન મળે તેના કરતા પણ આ પગાર વધારે હશે. તેમાં તમામ ઓક્યુપેશનને આવરી લેવામાં આવશે.

### અમેરિકાના રાષ્ટ્રપતિ બાઇડનના કાફલા સાથે ટકરાઇ કાર

। અમેરિકા, તા.૧૮ ।

અમેરિકાના ડેલાવેરના વિલમિંગટનમાં અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડનના કાફલા સાથે એક કાર ટકરાઈ હતી. જ્યારે બાઇડન અને તેમના પત્ની જિલ બાઇડન એક કાર્યક્રમમાં હાજરી આપીને પરત ફરી રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી. જો કે, એપીના અહેવાલ મુજબ, બંનેને કોઈ ઈજા પહોંચી નથી. એક રિપોર્ટ અનુસાર ફોર્ડ કાર રાષ્ટ્રપતિ બાઇડનના કાફલા સાથે ટકરાઈ હતી. બાદમાં બાઇડનની સુરક્ષામાં રહેલા સિક્રેટ સર્વિસ અધિકારીઓએ હથિયારો સાથે તે કારને ઘેરી લીધી હતી અને ડ્રાઈવરને હાથ ઉંચા કરવાની સૂચના આપી હતી. દરમિયાન, બાઇડનને અન્ય કારમાં લઈ જવામાં આવ્યા હતા. એપી અનુસાર, સિક્રેટ સર્વિસે આ ઘટના પર તાત્કાલિક કોઈ નિવેદન આપ્યું નથી. ગયા વર્ષે એક નાનું ખાનગી વિમાન આકસ્મિક રીતે ડેલાવેરમાં પ્રતિબંધિત એરસ્પેસમાં પ્રવેશ્યુ હતું. આ પછી રાષ્ટ્રપતિ અને તેમની પત્નીને બહાર કાઢવામાં આવ્યા હતા. સિક્રેટ સર્વિસે કહ્યું હતુ કે એક વિમાન ભૂલથી સુરક્ષિત વિસ્તારમાં ઘૂસી ગયું હતું. આનાથી બાઇડન૦ અને તેમના પરિવારને કોઈ ખતરો નથી. ઘટના બાદ સાવચેતીના પગલાં લેવામાં આવ્યા હતા.

### દાઉદ અંગે પાક. પત્રકારની ટીપ્પણી વાયરલ

# દઉદને ઝેર અપાયાના સમાચાર સાચા છે એ ખબર નથી : આરઝૂ

## આ બાબતમાં કોઈનું પણ નામ લે છે અથવા કોઈ વાતની પુષ્ટિ કરવાનો પ્રયાસ કરે છે, તો તેની પણ શામત આવશે

। કરાંચી, તા.૧૮ ।



ભારતના મોસ્ટ વોન્ટેડ આતંકવાદી અને ડી-કંપની ચીફ દાઉદ ઈબ્રાહિમને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યા છે જેમાં દાઉદને કોઈએ ઝેર આપ્યુ હોય તેવી માહિતી મળી છે. આ સાથે તેને પાકિસ્તામાં એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જો કે હજુ સુધી આ વાતની પુષ્ટિ થઈ નથી. મળતી માહિતી પ્રમાણે હાલમાં પાકિસ્તાના અનેક શહેરોમાં ઈન્ટરનેટ બંધ થયું છે. આ ન્યુઝ વચ્ચે પાકિસ્તાનની એક પત્રકાર આરઝૂ કાઝમી વાયરલ થઈ રહી છે.

આ ઘટના પર પાકિસ્તાન કે કોઈ મીડિયા એજન્સીએ કોઈ ટિપ્પણી કરી નથી. પરંતુ, પાકિસ્તાની પત્રકાર આરઝૂ કાઝમીનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં પાકિસ્તાનમાં હોવાની પુષ્ટિ થઈ રહી છે. તેણે પોતાના વીડિયોમાં કહ્યું છે કે, "ઈન્ટરનેટ બંધ થવાને કારણે કોઈ પણ મોબાઈલ ફોનનો ઉપયોગ કરી શકતું નથી. તેમજ કોઈ પણ સમાચાર જોવા માટે સક્ષમ નથી.

તેણે વધુમાં કહ્યું છેકે, સાભળ્યુ છેકે, દાઉદ ઈબ્રાહિમને કોઈએ ઝેર આપ્યુ છે. તેમની તબિયત વધુ ખરાબ થવાથી કરાંચીના હોસ્પિટલમાં રાખવામાં આવ્યા છે.

### વર્કર્સ માટે સિટિઝનશિપનો દરવાજો ખુલશે

# કેનેડાની વસતીમાં વધારો થશે અને આર્થિક પ્રવૃત્તિ પણ વધશે

## કેનેડા આવા ઘણા લોકોને સિટિઝનશિપ આપવા વિચારે છે, આ પ્રક્રિયામાં ઘણા ભારતીયોને પણ ફાયદો થવાની શક્યતા છે

। નવી દિલ્હી, તા.૧૮ ।



કેનેડામાં ગેરકાયદે ઘૂસેલા તથા વિઝા પૂરા થયા પછી પણ રોકાઈ ગયા હોય તેવા ઈમિગ્રન્ટની સંખ્યા બહુ મોટી છે. આવા લોકો માટે હવે સારા સમાચાર છે. આવા લોકો માટે કેનેડા સિટિઝનશિપનો રસ્તો ખોલવા જઈ રહ્યું છે. કેનેડાના ઈમિગ્રેશન મંત્રી માર્ક મિલરે જણાવ્યું કે ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ માટે સિટિઝનશિપનો રસ્તો ઉઘાડવામાં આવશે. કેનેડા આ માટે એક વિસ્તૃત પ્રોગ્રામ શરૂ કરશે. તેનાથી હજારો લોકોને કેનેડામાં કાયમી વસવાટની તક મળશે. મિલરે એક મુલાકાતમાં જણાવ્યું કે કેનેડાએ બહુ મહત્ત્વાકાંક્ષી ઈમિગ્રેશન ટાર્ગેટ તૈયાર કર્યો છે. તેના ભાગરૂપે વર્ષ ૨૦૨૫ સુધીમાં તે પાંચ લાખ ઈમિગ્રન્ટ્સને કેનેડા લાવવા માંગે છે. તેનાથી કેનેડાની વસતીમાં વધારો થશે અને આર્થિક પ્રવૃત્તિ પણ વધશે. અહીં અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટની સંખ્યા બહુ મોટી છે જેમાં સ્ટુડન્ટ્સ અને વર્કર્સ પણ સામેલ છે જેમના વિઝાની મુદત પૂરી થઈ ગઈ હોવા છતાં અહીં રોકાયેલા છે. એક અંદાજ પ્રમાણે કેનેડામાં હાલમાં ત્રણ લાખથી છ લાખ લોકો કાયદેસરના ડોક્યુમેન્ટ વગર રહે છે. તેમની પાસે કોઈ ફોર્મલ સ્ટેટસ ન હોવાના કારણે તેમના પર હંમેશા ડિપોર્ટ થવાનો ખતરો રહે છે. હવે કેનેડા સરકાર જે સિટિઝનશિપ પ્રોગ્રામ શરૂ કરવાની છે.



કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે નવી દિલ્હીમાં શિયાળુ સત્ર દરમિયાન સંસદ ભવનમાં તેમની ચેમ્બરમાં અન્ય વિપક્ષી નેતાઓ સાથે બેઠક કરી હતી.

### શરદ પવારનો વડાપ્રધાન મોદી પર મોટો કટાક્ષ

# કોઈ પણ પ્રોજેક્ટ ગુજરાત કેવી રીતે જાય તે જ પીએમને ચિંતા

## શિવસેના સાંસદ સંજય રાઉતે કહ્યું કે દેશનો નહીં પણ સમગ્ર વિકાસ એક જ રાજ્યનો કરવામાં આવી રહ્યો છે

। મુંબઈ, તા.૧૮ ।

વડાપ્રધાન મોદીએ આજે સુરતમાં બનેલા ડાયમંડ બુર્સનું ઉદ્‌ઘાટન કર્યુ. ત્યારે ઘણા મોટા નેતાઓ ત્યાં હાજર રહ્યા હતા. તેને લઈને શરદ પવારે વડાપ્રધાન મોદી પર કટાક્ષ કર્યો છે. શરદ પવારે કહ્યું કે જે લોકો આજે સત્તામાં છે, તેમનામાં દેશ વિશે વિચારવાની શક્તિ નથી. મહારાષ્ટ્રના રાયગઢમાં એક સભા દરમિયાન પવારે પીએમ મોદી પર પ્રહારો કર્યા હતા. એનસીપી પ્રમુખ શરદ પવારે કહ્યું કે વડાપ્રધાન સુરતમાં ડાયમંડ બિઝનેસનું ઉદ્‌ઘાટન કરવા જઈ રહ્યા છે. પહેલા હીરાનો વેપાર મુંબઈના બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સમાં થતો હતો. તેના કારણે લાખો લોકોને રોજગારી મળતી હતી પણ હવે આ વેપારને ગુજરાતમાં લઈ જવામાં આવ્યો, જેનાથી મહારાષ્ટ્રના સ્થાનિક લોકો પાસેથી કામ છીનવી લેવામાં આવ્યુ અને તે લોકો બેરોજગાર બની ગયા. પવારે કહ્યું કે આજે જેના હાથમાં સત્તા છે, તે દેશની ચિંતા કરતા નથી પણ તે સુરત જશે અને ડાયમંડ બુર્સનું ઉદ્‌ઘાટન કરશે. પવારે કહ્યું કે જ્યારે તે મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન હતા તો ત્યારે તેમને મુંબઈના બાંદ્રા કુર્લા કોમ્પલેક્ષમાં હીરાના વેપારને શરૂ કરવાનો નિર્ણય કર્યો હતો. પવારે કહ્યું તે તેમને બીકેસીમાં હીરા વેપાર માટે ૧ રૂપિયામાં જમીન આપી હતી, તેનાથી ત્યાંના લોકોને રોજગાર પણ મળ્યો હતો. એનસીપી ચીફે કહ્યું કે આજે દેશના વડાપ્રધાનને મહારાષ્ટ્રની કોઈ ચિંતા નથી. તે એ વાતનો વધારે ખ્યાલ રાખે છે કે કેવી રીતે મહારાષ્ટ્રની પરિયોજનાઓને ગુજરાત, સુરતમાં લઈ જવામાં આવે. તેમને કહ્યું કે જે વ્યક્તિને દેશની ચિંતા નથી આજે તેના હાથમાં દેશની સત્તા છે. ત્યારે આ મુદ્દે શિવસેના સાંસદે પણ વડાપ્રધાન મોદી પર પ્રહારો કર્યા છે. સંજય રાઉતે કહ્યું કે દેશનો નહીં પણ સમગ્ર વિકાસ એક જ રાજ્યનો કરવામાં આવી રહ્યો છે. તેમને કહ્યું કે સમગ્ર દેશમાંથી રોજગારી છીનવી એક જ રાજ્યમાં જઈ રહી છે. રાઉતે પ્રશ્ન કરતા કહ્યું કે શું દેશમાં ગુજરાત સિવાય કોઈ બીજુ રાજ્ય નથી.



### પોલીસની ટીમ આ મામલે તપાસ કરી રહી છે

# ભૂલથી ખાતામાં ૨૬ લાખ આવી ગયા, પાછા આપવાની ના પાડી દીધી

। નવી દિલ્હી, તા.૧૮ ।

નોઈડામાં એક વ્યક્તિ વિરુદ્ધ ૨૬,૧૫,૯૦૫ રૂપિયાની ઉચાપત કરવાનો આરોપ લાગ્યો છે. એક ખાનગી બેંકે આ ગંભીર ગુણાનો આરોપ લગાવતા કેસ નોંધ્યો છે. ટેકનિકલ ખામીના કારણે બેંકે ભૂલથી આ રકમ આરોપી વ્યક્તિના ખાતામાં ટ્રાન્સફર કરી દીધી હતી. આરોપ છે કે વ્યક્તિએ આ રકમ તેના ખાતામાંથી તરત જ ચેક અને ઓનલાઈન માધ્યમથી ઉપાડી લીધી હતી. પોલીસ સમક્ષ નોંધાયેલ ફરિયાદમાં ખાનગી બેંકના અધિકારી પંકજ બાંગરે જણાવ્યું હતું કે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કેસમાં નીરજ કુમાર નામના વ્યક્તિ સાથે રૂ.૫૮ હજારની સાયબર છેતરપિંડી થઈ હતી, જેમાં તાત્કાલિક ફરિયાદ આવતા, બેંક દ્વારા ૫૮ હજાર રૂપિયા 'ફ્રીઝ' કરવામાં આવ્યા હતા અને સ્થાનિક કોર્ટના આદેશ બાદ, કુમાર દ્વારા છેતરપિંડી કરાયેલા નાણાં બેંક દ્વારા રૂપિયા તેમના ખાતામાં પરત કરવામાં આવ્યા હતા. બેંકનાં અધિકારીએ કહ્યું હતું કે ટેકનિકલ ખામીને કારણે બેંકમાંથી નીરજ કુમારના ખાતામાં ૫૮ હજાર રૂપિયાને બદલે કુલ ૨૬,૧૫,૯૦૫ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. તો કુમારે તરત જ ચેક દ્વારા રૂ. ૧૩,૫૦,૦૦૦ અને બાકીની રકમ અન્ય બેંક ખાતામાં ઓનલાઈન દ્વારા ટ્રાન્સફર કરી દીધી હતી. આ મામલે પોલીસ સ્ટેશનનાં ઈન્ચાર્જે કહ્યું હતું કે કે અધિકારી દ્વારા આપવામાં આવેલી ફરિયાદના આધારે આ મામલે કેસ નોંધવામાં આવ્યો છે.

### કેજરીવાલે ભ્રષ્ટાચારના મુદ્દે કોંગ્રેસ પર કર્યા પ્રહાર

# કેજરીવાલે પંજાબના લોકો પાસે ૧૩માંથી ૧૩ લોકસભા બેઠકો જીતવાની વાત કરી

। ભટિંડા, તા.૧૮ ।

પાંચ રાજ્યોમાં ચૂંટણી થઈ ગઈ છે. જેના પરિણામ સૌ કોઈ જોઈ લીધી છે. હિન્દી બેલ્ટના ત્રણેય રાજ્યોમાં ભાજપે બમ્પર જીત મેળવી છે. આ જીતથી વિપક્ષી પાર્ટીઓ માટે એવી સ્થિતિ સર્જાઈ છે, જેના કારણે તેમનામાં ગભરાટ છે. તમામ વિપક્ષી પાર્ટીઓ ઈન્ડિયા એલાયન્સના બેનર હેઠળ એકતા બતાવવાનો પ્રયાસ કરી રહી છે, પરંતુ જ્યારે તે જ પાર્ટીઓ ચૂંટણી સભાઓમાં અને લોકો વચ્ચે પહોંચે છે ત્યારે પોતાની મજબૂતીના પ્રયાસો કરે છે. આવું જ કંઈક રવિવારે પંજાબમાં જોવા મળ્યું હતું. ઈન્ડિયા ગંઠબંધનની જોડાણની મહત્વની બેઠક ૧૯મી ડિસેમ્બરે યોજાવા જઈ રહી છે ઈન્ડિયા એલાયન્સની એક મહત્વપૂર્ણ બેઠક ૧૯મી ડિસેમ્બરે યોજાવા જઈ રહી છે અને તેના પહેલા જ અરવિંદ કેજરીવાલે પંજાબના લોકો પાસેથી ૧૩માંથી ૧૩ લોકસભા બેઠકો જીતનની વાત કરી છે. સીએમ કેજરીવાલના આ નિવેદન બાદ પંજાબમાં સીટ વહેંચણી કેવી રીતે થશે તેના પર સવાલ ઉઠી રહ્યા છે. તે સ્થિતિમાં પંજાબમાં સીટોની વહેંચણીને લઈને કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે સંઘર્ષ વધી શકે તેવી આશંકા છે. સીએમ અરવિંદ કેજરીવાલ અને પંજાબના સીએમ ભગવંત માન રવિવારે ભટિંડા પહોંચ્યા હતા. CM કેજરીવાલે કેન્દ્ર પર આરોપ લગાવ્યા એક તરફ કેજરીવાલે કેન્દ્ર સરકાર પર પંજાબનું કામ રોકવાનો આરોપ લગાવ્યો તો બીજી તરફ ભ્રષ્ટાચારના મુદ્દે કોંગ્રેસ પર પણ પ્રહારો કર્યા હતા.

## વિશેષ

### દેશમાં ક્રોસ બોર્ડર પ્રવાસન પ્રવૃત્તિને વેગ આપી શકાય છે

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનના કારણે પૂર્વોત્તર રાજ્યોમાં પ્રવાસીઓને પ્રવાહ વધ્યો છે

## એકતાનગર ખાતે એડવેન્ચર ટૂર ઓપરેટર એસોસિએશન ઓફ ઇન્ડિયા અને ગુજરાત પ્રવાસન નિગમના સંયુક્ત ઉપક્રમે યોજાઇ રહેલા ૧૫માં વાર્ષિક અધિવેશનનો પ્રારંભ








એકતાનગર ખાતે એડવેન્ચર ટૂર ઓપરેટર એસોસિએશન ઓફ ઈન્ડિયા અને ગુજરાત પ્રવાસન નિગમના સંયુક્ત ઉપક્રમે યોજાઈ રહેલા ૧૫માં વાર્ષિક અધિવેશનમાં સહભાગી થયેલા અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી શ્રી પેમા ખાંડુએ સ્પષ્ટ મત વ્યક્ત કર્યો કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રઢ સંકલ્પ ના પરિણામે પૂર્વોત્તર રાજ્યોમાં ઊભી થયેલી ભૌતિક સુવિધાઓના કારણે આ સાત રાજ્યોમાં પ્રવાસીઓની સંખ્યા વધી છે.

તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પાસે પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે વિઝન છે અને તેના કારણે સાંસ્કૃતિક, ધાર્મિક, પ્રાકૃતિક સંપદા ધરાવતા પ્રદેશોમાં સુવિધાઓ વધતા સહુલિયતમાં વૃધ્ધિ થઈ છે. પ્રવાસીઓ માટે સુવિધાઓ જેવી કે, માર્ગો, રેલવે, એર કનેકટિવિટી, પુલોના નિર્માણથી પ્રવાસીઓના આવાગમન વધ્યા છે. આસામમાં ભૂપેન્દ્ર હઝારિકા પૂલ બનવાથી પૂર્વોત્તરના રાજ્યોને મહત્તમ ફાયદો થયો છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

શ્રી ખાંડુએ એમ પણ જણાવ્યું કે, અરુણાચલ પ્રદેશ અને ગુજરાત વચ્ચે ઐતિહાસિક સંબંધો છે. ભગવાન શ્રી કૃષ્ણના પત્ની રુક્મિણીજી અરુણાચલ પ્રદેશના હતા અને તેને સાંકળી ગુજરાતમાં પોરબંદરના માધવપુર ઘેડમાં મેળાનું આયોજન થાય છે. જેનાથી રાજ્યોમાં પરસ્પર પ્રવાસન પ્રવાસન પ્રવૃત્તિને વેગ મળ્યો છે. નર્મદા ડેમ અને સરદાર સાહેબની સૌથી ઊંચી પ્રતિમાનાં કારણે અહી દેશ વિદેશમાં પ્રવાસીઓનો પ્રવાહ વધ્યો તે જોઈ શકાય છે. તેમણે કેન્દ્ર સરકારની દેખો અપના દેશ અભિયાનની પણ પ્રશંસા કરી હતી.

સાહસિક પ્રવાસન પ્રવૃત્તિ માટે અરુણાચલ પ્રદેશમાં રહેલી તકો પ્રસ્તુત કરતા શ્રી પેમા ખાંડુએ કહ્યું કે, અહી પર્વતો ઉપર શૂન્ય ડિગ્રી તાપમાન તો તળેટીમાં ગરમી હોય છે. પ્રાકૃતિક સુંદરતા અને ભુખંડની વિવિધતા સાહસિક પ્રવાસીઓને આકર્ષે એવી છે. ત્રણ દેશ સાથે સરહદો જોડાયેલી છે. તેમણે ટૂર ઓપરેટર એસોસિએશનને અરુણાચલ પ્રદેશમાં આવવા નિમંત્રણ પાઠવ્યું હતું. ડેપ્યુટી ચીફ ઓફ આર્મી સ્ટાફ શ્રી રાકેશ કપૂરે જણાવ્યું કે, ભારત સૌથી સુંદર રાષ્ટ્રો પૈકીનું એક છે. દેશના સરહદી વિસ્તારોને પ્રવાસન સાથે જોડી તેનો વિકાસ વધુ ઝડપી અને વેગવાન બનાવી શકાય તેવા આયામો ભરપૂર માત્રામાં રહેલા છે. સરહદી વિસ્તારોમાં સ્પિરિચ્યુઆલિટી સાથે સંસ્કૃતિ અને સભ્યતા સાથે ત્યાંના ધાર્મિક સ્થળોનો વૈભવ પણ રહેલો હોય છે. આ વિસ્તારના યુવાનો પણ ખૂબ ઉત્સાહિ હોય છે ત્યારે સરહદી વિસ્તારોમાં ટૂરિઝમના વિકાસ માટે સુરક્ષા પુરી પાડવામાં આર્મી સહયોગી બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

વધુમાં સરહદી વિસ્તારોમાં એડવેન્ચર ટુરિઝમ માટે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સાથે પ્રવાસીઓ પોતાને સુરક્ષિત મહેસૂસ કરે તેવું વાતાવરણ અને ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરવું પડશે. સાથોસાથ ઈકો સિસ્ટમ સાથે આરોગ્ય સુવિધાને વધુ સુદ્રઢ કરી સરહદી વિસ્તારોમાં પ્રવાસનને વેગ આપી શકાય તેવો પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

વાઈબ્રન્ટ વિલેજ અંગે વાત કરતાં શ્રી રાકેશ કપૂરે ઉમેર્યુ કે, દેશના સરહદી વિસ્તારના ગામોમાં ક્રોસ બોર્ડર એડવેન્ચર ટુરિઝમને વિકાસાવામાં આવે તો પ્રવાસનને વધુ વેગવાન બનાવી આવા બોર્ડર વિલેજમાં પ્રવાસન થકી રોજગાર સર્જનની અનેક તકો રહેલી છે. ક્રોસ બોર્ડર પ્રવાસનને સુરક્ષા માટે આર્મીના જવાનો હંમેશા તૈયાર રહેશે તેવી તત્પરતા દર્શાવી હતી. ઉદ્‌ઘાટન સત્રના પ્રારંભે એડવેન્ચર ટૂર ઓપરેટર એસોસિએશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ શ્રી અજિત બજાજે સૌનું સ્વાગત કરી અધિવેશનની ભૂમિકા આપી હતી. અંતે ગુજરાત પ્રવાસન નિગમના એમડી ડો. સૌરભ પારગીએ આભારદર્શન કર્યું હતું.

આ સેમિનારના સ્થળે વિવિધ રાજ્યોના પ્રવાસનને ઉજાગર કરતા આકર્ષણોના સ્ટોલ ઉભા કરાયા છે જેનું પણ મહાનુભાવો ના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ વેળાએ ધારાસભ્ય શ્રી પ્રવીણભાઈ માળી, સંસ્થાના ઉપપ્રમુખ શ્રી વૈભવ કાલા, અધિકારીઓ સર્વ શ્રી વ્યંકટેશ કટારે, અનિલ ઓરો, મોડેલ શ્રી મિલિંદ સોમન ઉપસ્થિત રહ્યા હતા.

### ગુજરાત ફાયર સેફ્ટી કોપ ઇ-પોર્ટલ લોન્ચ થયું

# CM ભૂપેન્દ્ર પટેલના હસ્તે ફાયર સેફ્ટી કોપ ઇ-પોર્ટલ લોન્ચ કરાયું

## અગ્નિ નિવારણ સેવાઓને વધુ સુદ્રઢ અને ટ્રાન્સપેરન્ટ-પારદર્શી બનાવવાના હેતુસર "ગુજરાત ફાયર સેફ્ટી કોપ" ઇ-પોર્ટલ લોન્ચ

| અમદાવાદ, તા.૧૮ |

મુખ્યમંત્રીએ પ્રિ-વાઈબ્રન્ટ સમિટ અંતર્ગત શહેરી વિકાસ વિભાગ આયોજીત 'લિવેબલ સિટીઝ ઑફ ટુમોરો' કોન્ફરન્સમાં તાજેતરમાં આ પોર્ટલ લોન્ચ કર્યું હતું. આગ સામે પ્રમાણમાં વધારે જોખમી હોય તેવી ઈમારતો, બહુમાળી મકાનો, હોસ્પિટલ્સ, હોટેલ કે શોપિંગ મોલ્સ, સ્કૂલ-કોલેજ બિલ્ડિંગ વગેરેની ફાયર સેફ્ટી સુવિધાઓ વિશે લોકોને સુપેરે જાણકારી મળી રહે તેવો ઈઝ ઑફ લિવિંગ વૃદ્ધિનો અભિગમ આ પોર્ટલ કાર્યરત કરવા પાછળ રાખવામાં આવેલો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ઈ-પોર્ટલ બનાવવા માટે જનભાગીદારી વ્યૂહ અપનાવીને ફાયર રેગુલેશનના મુસદ્દા અંગે જાહેર વાંધા-સૂચનો મંગાવી તેનો હાઈ લેવલ ટેકનિકલ કમિટી દ્વારા અભ્યાસ કરીને જરૂરી સુધારા વધારા સાથે ફાયર નિયમો બનાવીને સરકારની મંજૂરી આપી છે. એટલું જ નહીં, આગ સામે પ્રમાણ વધારે જોખમી એવી ઈમારતોની ફાયર સેફ્ટી સર્ટિફિકેટ અને તેની રિન્યુઅલ પ્રક્રિયા પારદર્શી બનાવવા સમગ્ર રાજ્ય માટે એક સર્વગ્રાહી અને યુઝર ફ્રેન્ડલી સોફ્ટવેર બનાવીને મોબાઈલ એપની સુવિધા પણ આપવામાં આવી છે. કોઈ પણ બિલ્ડિંગના ડિઝાઈન લેવલથી શરૂ થઈને બિલ્ડિંગનો ઉપયોગ શરૂ થાય ત્યાં સુધીમાં જુદા-જુદા સ્તરે ફાયર સેફ્ટીની મંજૂરીઓમાં ડિઝાઈન, બાંધકામ અને ઉપયોગ એમ ત્રિસ્તરીય મંજુરીઓ સ્થાનિક ફાયર અને ઈમરજન્સી સર્વિસના અધિકારીઓ દ્વારા અપાતી હોય છે.

### વાલીઓ માટે ચેતવણીરૂપ ઘટના સામે આવી

# સુરતના સચિન વિસ્તારમાં ટ્રેનની અડફેટે બે બાળકોનાં મોત થયા

## માતા-પિતાનું ધ્યાન નહોંતુ અને બાળકો ઘરની બહાર રમતા હતા ત્યારે આ ઘટના બની

| સુરત, તા.૧૮ |

ના જાણ્યું જાનકી નાથે કાલે શું થવાનું છે...અર્થાત કાલે શું થવાનું છે તેની કોઈને ખબર હોતી નથી. જોકે, એનાથી પણ આગળ એક ક્ષણ વિત્યા પછી આગામી ક્ષણે શું થવાનું છે તેનો પણ આપણે અંદાજો લગાવી શકતા નથી. જોકે, એક એવી ઘટના બની જેણે તમામ વાલીઓને વિચારવા પર મજબુર કરી દીધાં છે. બે બાળકો પોતાના ઘરની બહાર રમી રહ્યાં હતાં. રમત રમતમાં બન્ને બાળકો રમતા-રમતા રેલવે ટ્રેક પર પહોંચી ગયા. ઘરમાં કોઈનું ધ્યાન નહોતું અને રેલવે ટ્રેક પર પહોંચી ગયેલાં બાળકોને ટ્રેને પળવારમાં કચડી નાંખ્યાં. ફૂલ જેવા માસુમ બાળકોને કચડીને ટ્રેન ટ્રેક પરથી પસાર થઈ ગઈ. આ ઘટના છે સુરત શહેરની. સુરતના સચિન વિસ્તારમાં વાલીઓ માટે ચેતવણીરૂપ ઘટના સામે આવી છે. જો તમારા ઘરમાં પણ નાના બાળકો હોય તો તમારે સાવધાન રહેવાની જરૂર છે...સુરતના સચિન વિસ્તારમાં ટ્રેનની અડફેટે બે બાળકોના મોત થયાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં બે બાળકો ઘરની બહાર રમી રહ્યા હતા. બાળકો રમતા રમતા ક્યારે રેલવે ટ્રેક પર પહોંચી ગયા તેની તેમને ખબર જ ના રહી. અને અચાનક ટ્રેક આવી જતા ટ્રેક પર રમી રહેલા બંન્ને બાળકોના મોત નીપજ્યા હતા..હાલ તો માસૂમોના મોતથી પરિવારજનો શોકના માહોલમાં ગરકાવ થયા છે...પરિવારજનો આક્ષેપ કરી રહ્યા છે રેલવેની અડફેટેથી જ બાળકોના મોત થયા છે પરંતુ તંત્રનું કહેવું છે પોસ્ટ મોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ બાળકોના મોતનું સાચું કારણ સામે આવી શકશે.

### વીજ કચેરીનો કર્યો ઘેરાવ

# દિવસે વીજળી આપવાની માગ સાથે ભાવનગર ખાતે ખેડૂતોનો વિરોધ

## મોડી રાત્રે મોટી સંખ્યામાં ખેડૂતો સિહોર તાલુકાની ટાણાઁ GVCL સબ ડિવિઝન કચેરીએ પહોંચ્યા અને હલ્લાબોલ કર્યો હતો

| ભાવનગર, તા.૧૮ |



દિવસે વીજળી આપવાની માગ સાથે ભાવનગરમાં ખેડૂતોએ વીજ કચેરીનો ઘેરાવ કર્યો હતો. હાડ થીજવતી ઠંડી અને વન્ય પ્રાણીઓની દહેશત વચ્ચે સિહોર તાલુકાના ખેડૂતો રાત્રિના સમયે સિંચાઈ કરે છે. આ વિસ્તારના ખેડૂતોએ દિવસે વીજળી આપવા વીજ વિભાગમાં અનેક વખત રજૂઆત કરી છે. પરંતુ તેમ છતાં પ્રશ્નનું નિરાકરણ ન આવતા ખેડૂતોનો આક્રોશ ફૂટ્યો છે. મોડી રાત્રે મોટી સંખ્યામાં ખેડૂતો સિહોર તાલુકાની ટાણા PGVCL સબ ડિવિઝન કચેરીએ પહોંચ્યા અને હલ્લાબોલ કર્યો હતો. ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી કે, જો દિવસે વીજળી નહીં આપવામાં આવે તો વિરોધ પ્રદર્શનને ઉગ્ર બનાવાશે. નોંધનીય છે કે, હાલમાં જ ભાવનગરમાં પણ ડુંગળીના ઘટતા ભાવ સામે ખેડૂતોએ વિરોધ નોંધાવ્યો હતો. ખેડૂતોએ ડુંગળીની નિકાસ પર કેન્દ્ર સરકારે લગાવેલા પ્રતિબંધના વિરોધમાં ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર ચક્કાજામ કર્યો હતો. મોટી સંખ્યામાં ઉમટેલા ખેડૂતોએ હાઈવે બંધ કરાવ્યો હતો અને રસ્તા પર ડુંગળી ફેંકી વિરોધ નોંધાવ્યો હતો. ભાવનગરના મહુવા માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીના ભાવ અને કેન્દ્ર સરકાર દ્વારા નિકાસ પર પ્રતિબંધના વિરોધમાં ખેડૂતોએ ઉગ્ર વિરોધ શરૂ કર્યો હતો. વિરોધ કરતા ખેડૂતોએ ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે મહુવા પાસેથી બંધ કરીને નેશનલ હાઈવે ચક્કાજામ કર્યો હતો. ભાવનગર સિવાય સૌરાષ્ટ્રના સૌથી મોટા ગોંડલ માર્કેટ યાર્ડના ખેડૂતોએ ચક્કાજામ કર્યો છે. ખેડૂતોએ ડુંગળી રસ્તા પર ઠાલવીને વિરોધ નોંધાવ્યો હતો. ખેડૂતો દ્વારા રસ્તા પર ચક્કા જામ કરતાં ગોંડલ જૂનાગઢ નેશનલ હાઈવે પર ટ્રાફિક જામ જોવા મળી રહ્યો છે. મોટી સંખ્યામાં ખેડૂતો રસ્તા પર ઉતર્યા છે. ખેડૂતોને ડુંગળીનો પૂરતો ભાવ ન મળતા આ વિરોધ કરવામાં આવી રહ્યો છે. નેશનલ હાઈવે પર ચારે બાજુ રસ્તા પર ડુંગળીને ખેડૂતો પોતાનો વિરોધ નોંધાવી રહ્યા છે. નોંધનીય છે કે ભારત સરકારે ડુંગળીના નિકાસ પર પ્રતિબંધ મુકતા ખેડૂતોને રોવાનો વારો આવ્યો છે. આ નિકાસ પ્રતિબંધને કારણે ડુંગળીના ભાવ સાવ તળિયે પહોંચી ગયા છે. જેના કારણે ખેડૂતોને ડુંગળી પકવવા માટે ખર્ચ કાઢવો પણ મુશ્કેલ થઈ રહ્યો છે.

હાલમાં બજારમાં ખરીફ સીઝનની ડુંગળી આવી રહી છે. તેની ગુણવત્તા રવિ સીઝનની ડુંગળી કરતા હલકી ગુણવત્તાની છે. તેથી સરકાર ખરીફ સીઝનની ડુંગળી ખરીદતી નથી. પરંતુ ડુંગળીના ખેડૂતોના વિરોધને જોતા કેન્દ્ર સરકારે તેના બફર સ્ટોક માટે લગભગ બે લાખ ટન ખરીફ ડુંગળીની ખરીદી શરૂ કરી છે. જેમાં નાફેડ દ્વારા એક લાખ ટન ડુંગળીની ખરીદી કરવામાં આવી રહી છે અને એનસીસીએફ દ્વારા એક લાખ ટન ડુંગળીની ખરીદી કરવામાં આવી રહી છે. ડુંગળીની સ્થાનિક પ્રાપ્યતા વધારવા અને ભાવ નિયંત્રણમાં રાખવા માટે કેન્દ્ર સરકારે ૮ ડિસેમ્બરે નિકાસ પર પ્રતિબંધ લાદ્યો હતો. આ પ્રતિબંધ આવતા વર્ષે ૩૧ માર્ચ સુધી અમલમાં છે. જેના કારણે મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં ડુંગળીના ખેડૂતોએ વિરોધ પ્રદર્શન શરૂ કર્યું છે.




### ઓઢવ પોલીસે નિરાધાર લોકોને ધાબળાનું કર્યું વિતરણ

| અમદાવાદ, તા.૧૮ |

અમદાવાદના ઓઢવ વિસ્તારની પોલીસ સાચા અર્થમાં પ્રજાની મિત્ર બની હતી. ઓઢવ પોલીસ ફૂટપાથ પર રહેતા નિરાધાર લોકોની મદદે આવી હતી. શિયાળાની કાતિલ ઠંડીમાં રક્ષણ મળી રહે તે માટે પોલીસે ગરીબોને ધાબળાનું વિતરણ કર્યું હતું. પોલીસ વિભાગ જે ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં તમામ વર્ગના લોકોની સેવા માટે તત્પર હોય છે. ફરી એકવાર આ વાત ઓઢવ પોલીસે સાબિત કરી હતી.

### સુરતમાં હિટ એન્ડ રનમાં એકનું મોત

# નાઇટ શિફ્ટ પુરી કરી ઘરે જઇ રહેલા યુવાનને અજાણ્યા વાહને ઉડાવ્યો

| સુરત, તા.૧૮ |

ગુજરાતમાં વધુ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે, સુરતમાં કીમ માંડવી રોડ પર વહેલી સવારે એક યુવાનને અજાણ્યા વાહને ટક્કર મારીને મોતને ઘાટ ઉતારી દીધો હોવાનું સામે આવ્યુ છે. કહેવાઈ રહ્યુ છે કે, મૃતક યુવાન રાત્રિ શિફ્ટ પુરી કરીને પોતાના ઘરે જઈ રહ્યો હોત, તે દરમિયાન અજાણ્યા વાહને ટક્કર મારીને હવામાં ઉડાવ્યો હતો. યુવાનનું ઘટના સ્થળે મોત નિપજ્યુ છે. મળતી માહિતી પ્રમાણે, સુરતમાં આજે વહેલી સવારે વધુ એકવાર રોડ અકસ્માતની ઘટના સામે આવી છે. સુરતના કીમ માંડવી રોડ આજે વહેલી સવારે કોઠવા ગામ પાસે એક સનસનીખેજ હિટ એન્ડ રનની ઘટના ઘટી છે.

અહીં રાત્રિ દરમિયાન નાઈટ શિફ્ટમાં કામ કરીને પોતાના ઘરે જઈ રહેલા એક યુવાનને અજાણ્યા વાહને ટક્કર મારી છે, આ ટક્કરમાં યુવાનનું ઘટના સ્થળે જ મોત થયુ છે. અકસ્માતની ઘટના બાદ પાલોદ પોલીસે તપાસ કરતાં મૃતક યુવાન પાસેથી આધાર કાર્ડ અને કંપનીનું આઈડી કાર્ડ મળી આવ્યુ હતુ, જેમાં મૃતકનુ નામ નિતેશ યાદવ હોવાનું અને તે નજીકની કુસુમગર કંપનીનામાં કામ કરતો હોવાનું જાણવા મળ્યુ હતુ.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨